સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

ઓગસ્ટ, ૨૦૨૩
વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-



## ચાતુર્માસના ઉત્સવોને ભક્તિથી માણીએ...






**કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડોની પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે ઐતિહાસિક દર્શન-મુલાકાત**

તા. ૨૮-૬-૨૦૨૩ના રોજ કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડો ટોરન્ટો ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરીને વડાપ્રધાનશ્રી પ્રભાવિત થયા હતા. વડાપ્રધાનશ્રીએ કેનેડા ખાતેના બી.એ.પી.એસ. સત્સંગને ૫૦ વર્ષ પૂર્ણ થતાં શુભકામનાઓ પાઠવી હતી અને અત્રે ઉપસ્થિત સ્થાનિક ભક્તો-ભાવિકોને સંબોધીને કેનેડાના ભારતીયો અને બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ સેવાઓને બિરદાવી હતી.

# પ્રસંગબોધ



## ક્રમિકા


૩. પ્રસંગબોધ
૪. ચાતુર્માસના ઉત્સવોને ભક્તિથી માણીએ
૬. કેનેડાની ધરતી પર મહંત સ્વામી મહારાજને વધાવતો ભક્ત મહેરામણ
૨૪. મહંત સ્વામી મહારાજને કેનેડામાં સત્કારતા વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડો
૨૬. નવનિર્મિત મંદિરોમાં ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ
૨૯. બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી દ્વારા યોજાઈ 'પ્રમુખ વિઝન કોન્ફરન્સ'
૩૦. દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાતે મુસ્લિમ વર્લ્ડ લીગના સેક્રેટરી શ્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસા
૩૧. રંભાસની શિક્ષણસેવાઓને બિરદાવાઈ (નૂતન વિદ્યામંદિર સંકુલ)
૩૨. સૌરાષ્ટ્રમાં પૂરગ્રસ્તોની વહારે બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો
૩૩. અક્ષરધામ દિલ્હી ખાતે યોજાઈ કાર્યકર શિબિર અને ઓરિસ્સામાં ચાકુલિયા ખાતે સંસ્થા દ્વારા યોજાયો મેડિકલ કેમ્પ
૩૪. અક્ષરવાસ


'ભગવાનને ભજતાં જે કાંઈ આડું આવે એ બધું માયા! હજાર બંગલા હોય તો પણ એક ઉમેરાય એવી ઇચ્છા રહે. આપણે પદાર્થમય છીએ, એટલે પાછી વૃત્તિ વળે જ નહીં, આગળ ને આગળ માયિક પદાર્થમાં પ્રવેશ્યા કરે.
જ્ઞાન થાય તો આવી ઇચ્છા ન રહે. તો આ કયું જ્ઞાન?
લૌકિક જ્ઞાન પામ્યા હોય એનું નામ જ્ઞાન નથી. ભગવાનને પામ્યા હોય એ જ્ઞાન. આપણે આવું સમજતા નથી.
સત્પુરુષ વિના આ જ્ઞાન થાય નહીં.
અને આ હકીકત છે જ : આપણે જન્મ્યા ત્યારે શું લાવ્યા હતા? ને દેહ પડે પછી શું લઈ જવાના છીએ?
યોગીજી મહારાજ કહેતા કે એમ માનવું કે આપણો વ્યવહાર સ્વામિનારાયણનો છે. આપણે તો એના નોકર છીએ. આવું મનાય તો બધું - ચાર વેદ ને અઢાર પુરાણ બધું જ્ઞાન થઈ ગયું કહેવાય. ભગવાન પૂરું કરનાર છે.
પણ આ મનાતું નથી. બોલીએ ખરા, પણ મનાતું નથી.
ખરેખર મનાય તો કામ થઈ જાય. માટે ચિંતા ભગવાનને માથે નાંખવી.
પણ પોતાનું માની રાત-દિવસ જીવ મંડી રહે છે, એટલે દુઃખ રહે છે. અંદર ઝીણી ઝીણી વાસના હોય એ બધું કોતરી ખાય છે અને આપણને સુખ આવવા દેતી નથી. આખી દુનિયાનું માથે લઈને ફરીએ છીએ : 'આનું શું? આનું શું? આનું કેમ થતું હશે?'
અરે તમે તમારી પોતાની ચિંતા કરો ને!
આપણે પૂર્વે બનેલી એક વાત ચાર વાર યાદ કરીએ તો ચાર ગણો ભાર! ભાર વધતો જાય, વધતો જાય. પોતાના કામમાં આવે એ જ જ્ઞાન, બીજું અજ્ઞાન.'

**– મહંત સ્વામી મહારાજ** (ટોરન્ટો ખાતે આપેલો બોધ તા. ૧૮-૬-૨૦૨૩) ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૫, અંક : ૮,**
**ઓગસ્ટ, ૨૦૨૩**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ :** રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

<u>લેખો અંગે પત્રવ્યવહારઃ</u>
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા'** સંપાદન કાર્યાલય, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

<u>લવાજમ અંગે પત્રવ્યવહારઃ</u>
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

# ચાતુર્માસના ઉત્સવોને ભક્તિથી માણીએ...



કવિ કાલિદાસે કહ્યું છે: 'ઉત્સવપ્રિયા: ખલુ માનવા:।' માણસો ઉત્સવપ્રિય હોય છે. ઉત્સવો એ વૈદિક સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. ભારતીય સંસ્કૃતિ યજ્ઞપરક રહી છે. પ્રાચીનકાળમાં उत्कृष्टः सवः इति उत्सवः। - અર્થાત્ ઉત્કૃષ્ટ યજ્ઞ એ જ ઉત્સવ કહેવાતો. વૈદિક યજ્ઞોની પ્રક્રિયા જટિલ થઈ ત્યારે દ્વાપરના અંતમાં યજ્ઞો પાછળ રહેલા મૂળ વિચારની સાથે તેની સરળ અને લોકપ્રિય વિધિઓ પ્રચલિત થઈ, એ વિધિઓએ જ આખરે આધુનિક ઉત્સવોનું રૂપ ધારણ કર્યું તેમ કહી શકાય. આમ, પ્રાચીન યજ્ઞોની યુગાનુકૂળ સુધારા-વધારા કરેલી આવૃત્તિઓ તે ઉત્સવો. ઉત્સવોની ઉજવણી અમુક પર્વો અને તહેવારો મુજબ થવા લાગી. જેવાં કે ભગવાનના અવતારોના પ્રાગટ્ય દિન, ભક્તોની જન્મ જયંતીઓ, બદલાતી ઋતુઓના દિવસો, પવિત્ર તિથિઓ વગેરે. આ દરેક પર્વોત્સવોમાં કોઈ ને કોઈ ધાર્મિક કથા કે વિધિ સંકળાયેલી હોય, એ ભારતીય ઉત્સવોની વિશેષતા છે.

ઉત્સવોમાં મનની મોકળાશ મળે, નીરસતા ખંખેરાઈ જાય, હતાશ હૈયામાં નવા પ્રાણનો સંચાર થાય અને ભાવનાની ભીનાશ અનુભવાય. મંદિરોમાં, સમુદ્રતટે કે નદી-સરોવરને કિનારે, નિસર્ગને ખોળે આવા ઉત્સવો ઊજવાતા. લોકો ધર્મ અને ભક્તિભીના વાતાવરણમાં હળવા ફૂલ થઈ જતા. લોકો આતુરતાપૂર્વક એવા ઉત્સવોની રાહ જોતા.

આવા પવિત્ર ઉત્સવોમાં ધીરે ધીરે વિકૃતિઓનું પ્રદૂષણ ભળવા લાગ્યું. અશ્લીલ અને બીભત્સ ભાવ ઝળકવા માંડ્યા. તેમાંથી અધ્યાત્મ ઓસર્યું અને વિલાસ વકરી ગયો. ઉત્સવો ઉત્સવને બદલે લોકમેળા બની ગયા!

ભગવાન સ્વામિનારાયણે આ જોયું. તેમણે વિચાર્યું કે લોકહૃદયમાં સ્થાન પામેલા ઉત્સવોની પવિત્ર પરંપરાને બચાવી લેવાની આવશ્યકતા છે. આથી તેમણે ઉત્સવોને સમૈયાનું રૂપ આપ્યું. ઉત્સવોને સંસ્કાર્યા. સમૈયાઓમાં હરિભક્તો દૂરદૂરથી આવતા. મુંબઈ, બુરહાનપુર, ધરગામ, કચ્છ જેવા દૂરના પ્રદેશોમાંથી દોઢ-બે મહિના ગાડાંઓમાં કે પગરસ્તે આવતા. વાટમાં શ્રીહરિ લૂંટારાઓ થકી દિવ્ય દેહે તેમની રક્ષા પણ કરતા, સમૈયામાં આવેલ અનેક સંઘોમાં ફરી તેમની સારસંભાળ લેતા. શ્રીહરિની સલૂણી છબીના દર્શનમાત્રથી સૌનો થાક અદૃશ્ય થઈ

જતો અને આનંદ આનંદ થઈ જતો. કોઈને વાટખરચી ખૂટી હોય તો શ્રીહરિ તે પણ અપાવતા, ભાતાં પણ બાંધી આપતા. સમૈયામાં સંતો-હરિભક્તો ઓચ્છવ કરતા, ભજનોની ઝડીઓ વરસતી. પરમહંસોએ રચેલાં ગરબી-પદો બાઈ-ભાઈ જુદાં જુદાં મંડળો પાડી ગરબા લેતાં ગાતાં અને કથાવાર્તાના તો અખાડા જામતા. બ્રહ્મનિષ્ઠ સંતોના સમાગમથી સંસારી ભાવો ધોવાતા. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, મહિમા વગેરે સત્સંગનાં અંગો દૃઢ થતાં. શ્રીહરિનું સર્વોપરી સ્વરૂપ યથાર્થ સમજાતું. જીવનસાધનાના પ્રશ્નો ઉકેલાતા. કુસંગીઓ સત્સંગીઓને કનડગત કરતા તેથી શ્રીહરિ તેમનાં દુઃખ પૂછતા અને ગમે તે રીતે તેનું નિવારણ કરતા. આગામી સમૈયાની જાહેરાત થતી. બાઈ ભક્તો પણ આવા સમૈયાઓની પૂર્વતૈયારીમાં જોડાતાં. જેમાં ગઢપુરમાં જીવુબાએ શુક્લપક્ષના ઉત્સવોની તથા લાડુબાએ કૃષ્ણપક્ષના ઉત્સવોની સેવા પોતાનાં શિરે રાખી હતી ! શ્રીહરિનાં વિવિધ દર્શનની સાથે દેશવિદેશથી પધારેલા હજારો સંતો-હરિભક્તોનાં એક સાથે દર્શન થતાં. એકબીજાનો સંપર્ક થતો. ગુણો અને વર્તનનો પરસ્પર આદર થતો. સૌ પોતાની વૃત્તિઓ - દોષો ઓળખતાં. જીવન ઘડાતું. સામૂહિક જીવનની તાલીમ મળતી. સંપ, સુહૃદભાવ અને એકતા કેળવાતી.

રસિયાવાલમ શ્રીહરિ ઉત્સવોમાં સ્વયં ભાગ લેતા. રંગે રમતા, હિંડોળે ઝૂલતા, વસંતનો ગુલાલ ઉડાડતા, દેવતાઓનું પૂજન પણ કરતા, સંત-હરિભક્તોને પંગતમાં પીરસી ખાંતે જમાડતા. કેટલાક લાડીલા ભક્તોને ભેટતા. ચરણારવિંદ પાડી પ્રસાદીરૂપે આપતા. પ્રસાદી આપી ધર્મ-નિયમની પણ ભલામણ કરતા.

સમૈયામાં તો જાણે કળા-કારીગરીનો ખજાનો ઊભરાતો. સંતો-ભક્તો પોતાની કળા-કારીગરીની વસ્તુઓ શ્રીહરિને ભેટ ધરતા. વણાટવાળા કસબીઓ ભાતભાતનાં વસ્ત્રો અને ચોફાળ ભેટ ધરતા. સોનીઓ અલંકારો ધરતા. રંગાટકળાવાળા રંગેલી પાઘ, સિલાઈવાળા જામા અને અંગરખા ધરતા. સુતારો ખાટ કે ઢોલિયા આપતા. ખેડૂતો ફળફૂલ ને અનાજ ધરતા. સુતરફેણી, ઘેબર, બરફી, ઘારી, જાદરિયું વગેરે મિષ્ટાન્નો પણ ભેટ ધરતા. લુહારો સૂડી-ચપ્પાં અને તરવારો ધરતા. વળી, કોઈ ભક્તો મોજડીઓ પણ ધરતા. વિવિધ હારો તેમજ બળદ, ભેંસ વગેરે પશુઓની ભેટનો પણ પાર રહેતો નહીં.

વળી, શ્રીહરિના સમયમાં સમૈયાઓ દ્વારા બધી જ લલિતકળાઓને ઉત્તેજન મળતું. કળા અને વિવિધ ભેટો ભક્તિરૂપ બનતી અને કલાકારો કૃતાર્થ થઈ જતા.

બધે જ સદ્ભાવનાનાં દર્શન થતાં. સમૈયામાં જે કંઈ પદાર્થ આવે તેને શ્રીહરિ જરૂરિયાતવાળાને વહેંચી દેતા. શ્રીહરિની પ્રત્યક્ષ પૂજા-દર્શન-પ્રસાદી-મળવું, સેવા વગેરેનો અણમોલ લાભ હરિભક્તો હોંશે હોંશે લેતા. શ્રીહરિનાં દર્શનથી સદા અતૃપ્ત જ રહેતા! ખાવા-પીવાનું, હરવા-ફરવાનું વીસરી દેહના ભાવ ભૂલી સૌ શ્રીજીના સ્વરૂપમાં મગ્ન રહેતા. શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ત્રીજા વચનામૃતમાં સમૈયાનો આધ્યાત્મિક હેતુ દર્શાવતાં કહે છેઃ ‘અમે મોટા મોટા વિષ્ણુ-યાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.’ સમૈયાની સ્મૃતિ કેવી રીતે કરવી, તેની રીત ગઢડા મધ્ય પ્રકરણ ૩૫મા વચનામૃતમાં તેઓ સમજાવે છેઃ ‘અને તમે આ સર્વે છો તે મને ભગવાન જાણો છો. ને અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કહી હોય ને અમારી પૂજા થઈ હોય એ આદિક જે અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય, તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે.’

પ્રબોધિની અને હરિજયંતીને સમૈયે આવવા માટે શ્રીહરિએ દરેકને વણતેડ્યું આમંત્રણ આપ્યું હતું.

સમૈયાઓમાં મહારાજના આશ્રિત હજારો સંત-હરિભક્તોનો સમૂહ જોઈ દરેકને સંપ્રદાયનું ગૌરવ અને અસ્મિતા અનુભવાતાં. સમૈયાઓમાં સંતો-હરિભક્તો અંતકાળનાં ભાતાં સમી સ્મૃતિઓ ભરી વિદાય લેતા.

આ રીતે સ્વામિનારાયણના સમૈયાઓએ લોકજીવનમાં જુદી જ ભાત પાડી. કવિ ન્હાનાલાલના શબ્દોમાં કહીએ તો ‘શ્રીહરિએ ઉત્સવ-સમૈયા દ્વારા પ્રજાને ભાવહિંડોળે ઝુલાવી. સમૈયાના માધ્યમ દ્વારા શ્રીહરિએ ગુજરાતની પ્રજાનું સુંદર સંસ્કારી ઘડતર કર્યું.’

આજે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પર્વોત્સવો સંપૂર્ણ સાંસ્કૃતિક મહોત્સવોરૂપે વિકસી રહ્યા છે. આ મહોત્સવોમાં યજ્ઞ, કથાવાર્તા, નૃત્ય, સંગીત, સંવાદ, પ્રવચનો, વિવિધ કલાઓનું નિદર્શન, સાંસ્કૃતિક અનેક વસ્તુઓનું બજાર, પાકશાળાઓ, સ્ત્રીપુરુષની મર્યાદાવાળા સભામંડપો અને તેવી જ મર્યાદાવાળા કાર્યક્રમો, બાળકોથી સંચાલિત બાળનગરી, ભારતીય સંસ્કૃતિનાં સંસ્કારપ્રેરક પ્રદર્શનો, વ્યસનમુક્તિ યજ્ઞો, રમત-ગમતો, વિવિધ ધર્મ તથા સંપ્રદાયોના મહાત્માઓની સંનિધિ તથા ઉપદેશ વગેરેથી આદર્શ એક ‘નગર’ રચાય છે. મહોત્સવનાં વિરાટ આયોજનોમાં કેન્દ્રસ્થાને મંદિર હોય છે. જાણે મંદિરના પ્રતિષ્ઠિત દેવો જ સમૈયાનાં શીલ અને ગૌરવની રક્ષા (**અનુસંધાન પૃષ્ઠ ૩૨ પર**)



# કેનેડાની ધરતી પર
# મહંત સ્વામી મહારાજને
## વધાવતો વિશાળ ભક્ત મહેરામણ

**સતત એક મહિના સુધી ટોરન્ટો મહાનગરમાં ભવ્ય બી.એ.પી.એસ. મંદિરે બિરાજીને હજારો ભક્તોનાં હૈયે ભક્તિની હેલી વરસાવી મહંત સ્વામી મહારાજે...**






સન ૧૯૭૪માં સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પાવનકારી પગલાં સાથે ઉત્તર અમેરિકા ખંડની શીતભૂમિ કેનેડામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગના શ્રીગણેશ થયા ત્યારે કોઈને કલ્પના નહોતી કે કેનેડાની ધરતી પર સનાતન હિન્દુ ધર્મની શાશ્વત ધજા ફરકાવતું ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર હજારો લોકોને માટે આધ્યાત્મિક પ્રેરણાનું ઉપવન બની રહેશે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થથી કેનેડાની ધરતી પર પરંપરાગત ભારતીય શૈલીનું પથ્થરમાંથી નિર્મિત કલાત્મક શિખરબદ્ધ મંદિર આજે કેનેડાની શાન બની રહ્યું છે.

જુલાઈ, ૨૦૦૭માં કેનેડાની રાજધાની ટોરન્ટોમાં પ્રમુખસ્વામી મહારાજે રચેલું કલાત્મક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર જાણે ભારતીય સંસ્કૃતિના રાજદૂતાવાસ સમું સ્થાન બની રહ્યું છે. આ મંદિર અસંખ્ય હરિભક્તો અને સેંકડો સ્થાનિક લોકોની આસ્થાનું કેન્દ્ર બન્યું છે. હરિભક્તોનાં સેવા, સમર્પણ અને ભક્તિના પાયા પર રચાયેલા આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે કેનેડાની ધરતી પર ભારતીય સંસ્કૃતિની અસ્મિતા પ્રગટાવી છે. મંદિરનું શિલ્પ-સ્થાપત્ય, કલા-સૌંદર્ય ઉપરાંત મંદિરમાં થતી સત્સંગ સભાઓ, ધાર્મિક ઉત્સવો, બાળ-યુવા-મહિલા પ્રવૃત્તિઓ વગેરે અહીં ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યો અને આદર્શોને પ્રસારે છે. વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજના આશીર્વાદ છત્ર તળે સમગ્ર કેનેડામાં આ મંદિર દ્વારા ઉત્તરોત્તર સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે. અહીં વસતા હજારો ભક્તો-ભાવિકોના સ્નેહભાવને સ્વીકારીને તા. ૯-૬-૨૦૨૩ના રોજ ટોરન્ટોની આ ભૂમિ પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પધરામણી કરી ત્યારે કેનેડાના વડાપ્રધાન અને પ્રસિદ્ધ લોકનેતાઓથી લઈને એ હજારો ભક્તોના મહેરામણે તેઓને અંતરના ઉમળકાથી વધાવ્યા હતા.

*તા. ૯-૬-૨૦૨૩ થી તા. ૮-૭-૨૦૨૩ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કેનેડાના મહાનગર ટોરન્ટોના નિવાસ દરમ્યાન આધ્યાત્મિક જ્યોત જગાવી હતી. સતત એક મહિના સુધી સ્વામીશ્રીએ સત્સંગ-ભક્તિની છોળો ઉડાડી અસંખ્ય મુમુક્ષુઓને આધ્યાત્મિકતાના રંગે રંગ્યા હતા. વહેલી સવારે મંદિરે ઠાકોરજીનાં દર્શને પધારતા તેમજ પ્રાતઃપૂજાના સ્થળે પધારતા ગુરુહરિનાં ગમનપથ પર સમીપદર્શનનો લાભ પ્રાપ્ત કરનારા હજારો હરિભક્તો-ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. વિશાળ સંખ્યામાં હરિભક્તો-ભાવિકોએ પ્રાતઃપૂજાનાં દર્શન તેમજ પૂજા બાદ સ્વામીશ્રીના શ્રીમુખે મંગલ કથામૃતનો લાભ પ્રાપ્ત કર્યો હતો. પૂજામાં બાળકોથી લઈને યુવાનો અને વડીલોએ વિવિધ રજૂઆતો દ્વારા સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. દરેક સત્સંગ કેન્દ્રની જેમ અહીં પણ સ્વામીશ્રીએ જુદાં જુદાં દિવસોએ હજારો હરિભક્તો-ભાવિકોને સમીપદર્શનનો લાભ આપ્યો હતો. દર્શન-મુલાકાતે પધારેલા કેનેડાના રાજકીય લોકનેતાઓ પણ સ્વામીશ્રીની નિર્મળ સંત-પ્રતિભાથી પ્રભાવિત થયા હતા. સ્વામીશ્રીના અહીંના રોકાણ દરમ્યાન જુદા જુદા સત્સંગ કેન્દ્રોના હરિભક્તો વિવિધ વિભાગોની સેવામાં જોડાયા હતા. તે સૌ પર સ્વામીશ્રીની પ્રસન્નતા વરસી હતી. 'રીત જગત સે ન્યારી...' એવા સ્વામીશ્રીની અલૌકિક પ્રતિભાએ સૌને આધ્યાત્મિક પ્રેરણાઓથી છલકાવી દીધા હતા.*

*પવિત્ર રથયાત્રા, ગુરુપૂર્ણિમા અને અન્ય વિશિષ્ટ ઉત્સવોની ઉજવણીમાં સ્વામીશ્રીએ સૌને દિવ્ય લાભ આપ્યો હતો. મંદિરના પરિસરમાં રચવામાં આવેલા સભામંડપમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિવિધ સત્સંગ સભાઓ યોજાઈ હતી, તેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરીને સ્થાનિક બાળકો-કિશોરો-યુવકો-હરિભક્તોએ ગુરુહરિનાં ચરણોમાં વિશેષ ભક્તિ-અર્ઘ્ય અર્પણ કર્યું હતું. સભાનો લાભ લેવા ઊમટતા સૌ કોઈ સ્વામીશ્રીનું સાંનિધ્ય પામીને કૃતકૃત્ય બન્યા હતા. ચાતુર્માસ અંતર્ગત સંતો તેમજ બાળકોથી માંડીને વડીલોએ જુદાં જુદાં વ્રત-ઉપવાસ, નિયમોનું દૃઢતાપૂર્વક પાલન કરવાનો નિયમ લઈને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં હિંડોળા-ઉત્સવનો પણ પ્રારંભ થયો હતો. વિવિધ કલાત્મક હિંડોળામાં અક્ષરપુરુષોત્તમ મહારાજને ઝુલાવીને સ્વામીશ્રીએ સૌને અલભ્ય સ્મૃતિઓ આપી હતી. સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા ભક્તિભર્યા કાર્યક્રમોની એક ઝલક અત્રે પ્રસ્તુત છે...*

## ■ આગમન

તા. ૮-૬-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ લંડનથી સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લઈને લ્યૂટન ઍરપોર્ટ પર પધાર્યા. અહીંથી રાત્રિના બરાબર ૧૦:૦૭ વાગ્યે હવાઈ જહાજે અમેરિકા ભૂખંડ તરફ ઉડાન ભરી. તા. ૯-૬-૨૦૨૩ના રોજ ટોરન્ટોના રાત્રિના ૧૨:૪૨ વાગ્યે વિમાન કેનેડાની ધરતીને સ્પર્શ્યું તે સાથે જ 'અક્ષરધામ મહોત્સવની જય...'નો નાદ ગુંજી ઊઠ્યો. ઍરપોર્ટ પર જ્ઞાનપ્રિયદાસ સ્વામી, ગુણસાગરદાસ સ્વામી, નરેશભાઈ રોય અને વિજયભાઈએ અમેરિકાના સંતો-હરિભક્તો વતી સ્વામીશ્રીને હાર પહેરાવી વધાવ્યા. અહીંથી સ્વામીશ્રી ટોરન્ટોના બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા ત્યારે અહીં દિવાળી જેવું વાતાવરણ ખડું થયું હતું અને કેન્દ્રવર્તી વિચાર પણ એ જ હતોઃ 'સ્વામીનું આગમન, દિન દિન દિવાળી...'

૨૨ જુલાઈ, ૨૦૦૭ના રોજ ટોરન્ટોમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલું કલાત્મક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર વિવિધરંગી રોશનીઓથી ઝગમગી રહ્યું હતું. તેના અગ્રભાગે દીવાઓનું સુંદર સુશોભન ઝળહળી રહ્યું હતું. કોઠીઓ પ્રકાશપુંજ રેલાવી રહી હતી. બાળકોએ મશાલો અને તારામંડળની જ્યોતિથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. આ તમામ પર દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી હવેલીના હૉલમાં પધાર્યા ત્યારે અહીં પણ દીવાઓની સુંદર રંગોળી કરવામાં આવી હતી. નોર્થ અમેરિકાનાં વિવિધ મંદિરોમાંથી ઘણા સંતો આવી પહોંચ્યા હતા અને હરિભક્તો તો જ્યાં જગ્યા મળી ત્યાં ગોઠવાઈને આ સ્વપ્નતુલ્ય ગુરુહરિનાં પ્રત્યક્ષ દર્શન માણી રહ્યા હતા. બાળકોએ સ્વાગત-નૃત્યથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. કેટલાક બાળકો સ્વામીશ્રી માટે આમંત્રણ કાર્ડ બનાવીને લાવ્યા હતા. તેના પર પણ સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી. અહીંના રાત્રિના ૨:૧૫ વાગ્યા હતા, પણ બધા જ સમયનું ભાન ભૂલીને આનંદ-ઉમંગમાં ગરકાવ હતા. ગુરુહરિનાં સમીપદર્શનથી કેટલાયની આંખોમાં હર્ષાશ્રુ છલકાઈ રહ્યાં હતાં.

અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું આગમન સભામંડપમાં થયું ત્યારે અહીં બેઠેલા સૌ કોઈનું હૈયું હાથ ન રહ્યું. *'સ્વાગતમ્ વો મહાભાગા...'* સ્વાગત-કીર્તનના તાલે સૌના મનમયૂર નાચી ઊઠ્યા. રાત્રે અઢી વાગે ચાર હજાર જેટલા ભક્તો-ભાવિકોના અંતરમાં ઉત્સાહ-ઉમંગ ઊભરાઈ ઊઠ્યો. સૌએ અંતરના



'સ્વામીનું આગમન, દિન દિન દિવાળી...' પોણા છ વર્ષના અંતરાલ બાદ કેનેડાની ધરતી પર પધારેલા સ્વામીશ્રી અને અક્ષરપુરુષોત્તમ મહારાજને નૃત્યાંજલિ આપી વધાવતા કેનેડાના યુવાનો

ઉમળકાથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા.

પોણા છ વર્ષના અંતરાલ બાદ કેનેડાની ધરતી પર પધારેલા સ્વામીશ્રીને સૌ વતી સંતોએ વિધવિધ સુંદર કલાત્મક હાર વડે સન્માન્યા. અક્ષરપુરુષોત્તમ મહારાજને પણ કલાત્મક હારતોરાથી વધાવ્યા. વિવિધ રજૂઆતોના અંતે ગુણસાગરદાસ સ્વામીએ વિનંતી કરી, 'અમને બધાને તો આનંદ છે, પણ આપને કેટલો આનંદ છે તે જણાવો...' વાક્ય પૂરું થતાં પહેલા સ્વામીશ્રીએ બંને હાથ પહોળા કરીને દર્શાવ્યું કે 'અમને પણ આટલો બધો આનંદ છે.' ત્યારબાદ સ્વામીશ્રીએ આશિષ આપતાં કહ્યું, ''ભગતજી મહારાજ ધામમાં ગયા ત્યારે શાસ્ત્રીજી મહારાજ કૂવા પાસે બેઠા હતા. તેમની બાજુમાં બેઠેલા રામજી ભટ્ટે કહ્યું: 'પૃથ્વી પરથી મંગલ ગયું.' તો શાસ્ત્રીજી મહારાજ કહે: 'સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી.' અને ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું છે: 'સત્પુરુષ દસ-વીસ પેઢી તો રહેશે જ.' એટલે બધું મળતું આવ્યું છે. પ્રતીતિની આ વાત છે. પ્રતીતિ હોય તો આનંદ, દિન દિન દિવાળી. પ્રતીતિ એટલે - શ્રીજીમહારાજ, જેમણે ૫૦૦ પરમહંસોને સુખ આપ્યું. અનંત લીલા કરી એ જ શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામી રૂપે, ભગતજી મહારાજ રૂપે, શાસ્ત્રીજી મહારાજ રૂપે, યોગીજી મહારાજ રૂપે, પ્રમુખસ્વામી મહારાજ રૂપે સુખ આપ્યું છે અને એ ચાલુ જ રહેશે.''

આશિષ-વચનોની પૂર્ણાહુતિ બાદ કેનેડાના ભક્તોએ મિષ્ટાન્ન અને ફળફળાદિ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કરી આશિષ લીધા. સ્વામીશ્રીના આગમન નિમિત્તે સમગ્ર કેનેડાના ૯૫૦થી વધુ ભક્તોએ વિવિધ તપ-ઉપવાસ કર્યાં હતાં. જેમાં ૯૦ કલાકના સજળ અને નિર્જળ ઉપવાસ પણ સમાવિષ્ટ હતા. સ્વામીશ્રીએ આ તપસ્વીઓ પર પ્રસન્નતાપૂર્વક કૃપાદૃષ્ટિ કરી અને પારણા માટેનું શરબત પ્રસાદીનું કરી આપ્યું. બધાને ભાવપૂર્વક વંદન કરી સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

સવારે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. ગુરુહરિના આગમન નિમિત્તે હરિભક્તોએ ફૂલોની રંગોળી, હંસ સરોવરમાં તરતા હોય અને આજુબાજુ કમળ ખીલ્યાં હોય તેવી કાગળની સુંદર રંગોળી કરી હતી. સ્વામીશ્રીએ મંદિરમાં ઠાકોરજીનાં ભાવથી દર્શન કરી અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી. ત્યારબાદ અભિષેક મંડપમ્‌માં શ્રી નીલકંઠવર્ણીનાં અભિષેક-પ્રદક્ષિણા કર્યાં. સૌની સુખાકારી માટે પ્રાર્થના પણ કરી.

● તા. ૧૦-૬-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ સમગ્ર મંદિર પરિસરનું પરીક્ષણ કર્યું હતું. ગુણસાગરદાસ

સ્વામીએ નકશા સાથે બધું જ દર્શાવ્યું હતું. નૂતન મળેલી ૩.૩ એકર ભૂમિ પર પધારીને સ્વામીશ્રીએ તે ભૂમિ પ્રસાદીભૂત કરી હતી. આજે સૌને વિશિષ્ટ દર્શન-સ્મૃતિ આપતાં સ્વામીશ્રીએ મંદિરની સામેના પ્રાંગણમાંથી સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ઠાકોરજીની આરતી ઉતારી હતી.

● તા. ૧૧-૬-૨૦૨૩ના રોજ મહિલા હરિભક્તો દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજનાં વધામણાં કરવામાં આવ્યાં હતાં. મહિલા ભક્તોએ બનાવેલી વિવિધ વસ્તુઓ અને રચનાઓ સ્વામીશ્રીએ નિહાળી અને પ્રસાદીની કરી હતી.

આજે સ્વામીશ્રીની મુલાકાતે કેનેડાના ઇમિગ્રેશન, રેફ્યુજી અને સિટિઝનશિપ મિનિસ્ટર શ્રી સીન ફ્રેઝર (Sean Fraser) આવ્યા હતા. શ્રી ફ્રેઝરે સ્વામીશ્રીને ભાવપૂર્વક વંદન કરતાં હાર પહેરાવ્યો. મંત્રીશ્રીએ બી.એ.પી.એસ. સંસ્થાનો આભાર માનતાં કહ્યું: 'બી.એ.પી.એસ. સંસ્થા કેનેડાના તમામ લોકો માટે અદ્‌ભુત કાર્ય કરે છે. કોવિડ-૧૯માં અદ્વિતીય કાર્ય કર્યું, ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ્સને પણ ખૂબ મદદ કરે છે, સામાજિક અને નૈતિક મૂલ્યોનું પ્રસારણ કરે છે. આ બધાને લીધે હું આ સંસ્થા માટે ખૂબ ગૌરવ અનુભવું છું.' સ્વામીશ્રીએ મંત્રીશ્રીને આશીર્વાદ આપ્યા અને 'In Love, At Ease' પુસ્તક ભેટ આપ્યું. મંત્રીશ્રીની સાથે તેમના સેક્રેટરી શ્રી તનવીર સંધુ (Tanveer Sandhu) આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીના આશિષ પામતાં બોલી ઊઠ્યા: 'जिंदगी सफल हो गई!'

## ■ સ્વાગત સભા

તા. ૧૩-૬-૨૦૨૩નો દિન ઐતિહાસિક હતો. સન ૧૯૮૮માં આજની તારીખે કેનેડાની રાજધાની ઓટાવાની પાર્લામેન્ટ(હાઉસ ઑફ કૉમન્સ)માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું માનભેર સ્વાગત થયું હતું. તેની સ્મૃતિમાં આજે કેનેડાની પાર્લામેન્ટ (હાઉસ ઑફ કૉમન્સ)માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના કેનેડા આગમનને શબ્દસુમનથી વધાવ્યું હતું. આજના ઐતિહાસિક અવસરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સંતોએ કલાત્મક હારતોરા વડે વધાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ૬ જૂન, ૨૦૨૩ના રોજ કેનેડાના ઓન્ટારિયો રાજ્યની વિધાનસભામાં પણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના કેનેડા ખાતેના આગમનને વધાવતાં શબ્દપુષ્પ અર્પ્યાં હતા.

આજે સાયંકાળે સ્વામીશ્રીને ટોરન્ટો (કેનેડા)ના આંગણે સત્કારતી 'સ્વાગત સભા' યોજાઈ હતી. સ્વામીશ્રીનું સભામાં આગમન વિશિષ્ટ રીતે થયું. સ્વામીશ્રી અંકમાં અક્ષરપુરુષોત્તમ મહારાજને ધારીને બેઠા હતા. મસ્તક પર પાઘ પહેરી હતી. કંઠમાં પુષ્પહાર હતો. અને હાથ વિનિત મુદ્રામાં જોડેલા હતા. સમગ્ર લાઈટિંગ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રી પર કેન્દ્રિત કરવામાં આવી હતી. અદ્‌ભુત દર્શન હતા. વાતાવરણમાં દિવ્ય ધૂમ્રસેરો પ્રસરી રહી હતી અને કીર્તન ગુંજ્યું:

*'જેહ ધામને પામીને પ્રાણી,*
*પાછું પડવાનું નથી રે;*
*સર્વોપરી છે સુખની ખાણી,*
*કેવું કહીએ તેને કથી રે...'*

આ અક્ષરધામનાં વર્ણન સાથે સૌએ સાક્ષાત્ અક્ષરધામનો અનુભવ અહીં બેઠા જ કર્યો. સૌ ધન્ય ધન્ય થઈ ગયા. સૌએ સમૂહ આરતી વડે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવી ઇષ્ટભક્તિ-ગુરુભક્તિ અદા કરી. આરતી બાદ યુવાવૃંદે ખૂબ જોશભર્યું *'કરીએ સ્વાગતમ્... શત શત સ્વાગતમ્...'* કીર્તન પર સ્વાગત નૃત્ય કર્યું.

સભાના મુખ્ય કાર્યક્રમ રૂપે એક સંવાદ રજૂ થયો. તેમાં અક્ષરમુક્તો દ્વારા 'સત્પુરુષની સ્મૃતિઓ' કરવામાં આવી. તેમાં મહંત સ્વામી મહારાજે કેનેડામાં આપેલી સ્મૃતિઓ જણાવતાં યુવકોએ કહ્યું: 'સ્વામીશ્રીની કેનેડામાં આ અગિયારમી પધરામણી છે!' અને તેમણે એક પછી એક પ્રત્યેક પધરામણીની સ્મૃતિઓ ખૂબ આનંદથી કરાવી. ત્યારબાદ બાળમુક્તોએ જણાવ્યું કે, સ્વામીશ્રીના આગમન નિમિત્તે સમગ્ર કેનેડામાં છેલ્લા એક મહિનાથી 'લ્યો રાજીપો!' ઝુંબેશ ચાલી રહી છે. જેમાં ગુણગ્રહણ, અંતર્દૃષ્ટિ, સ્વામીશ્રીના નિરામય સ્વાસ્થ્ય માટે કેનેડાના ૨૨૪૯ હરિભક્તોએ કુલ ૮,૬૩,૪૪૯ માળા ફેરવી. તપથી ગુરુહરિનું સ્વાગત કરતાં કેનેડાના ૯૫૦થી વધુ હરિભક્તોએ વિવિધ તપ-ઉપવાસ-વ્રત કર્યાં. જેમાં ૯૦ કલાકના સજળ-નિર્જળ અને પ્રવાહી ઉપવાસની સાથે એક મહિના સુધીના સાંકળ ઉપવાસ પણ સંમિલિત હતા. સંતોએ પ્રત્યેક ભક્તની ભક્તિને સ્વામીશ્રીનાં ચરણોમાં સમર્પિત કરી.

સૌની ભક્તિ સ્વીકારતાં સ્વામીશ્રીએ કહ્યું: ''તમે બધાએ જે રીતે સ્વાગત કર્યું છે એ ધન્ય છે. દિવ્યભાવ, મહિમા, તપ, અંતર્દૃષ્ટિ અને ભક્તિ... એ તો આપણે બધાએ કરવાની છે. એના વિના ઉદ્ધાર નથી. ઊંડે ઊંડે જવાનું છે અને ભગવાનને પામવાના છે. એ અંતર્દૃષ્ટિ દ્વારા થશે.

શ્રીજીમહારાજની નામાવલીમાં



કેનેડાની ધરતી પર છ વર્ષ પછી પધારેલા મહંત સ્વામી મહારાજના સ્વાગતમાં ઊમટેલી ભક્તમેદનીએ ગુરુહરિને અંતરના ઉમળકાથી વધાવ્યા...

‘તપઃપ્રિયાય નમઃ’ આવે છે... આ બધાના ફળસ્વરૂપે આપણને આનંદ આનંદ આનંદ થાય. તમે ઘણું બધું કર્યું છે ને ઘણું બધું કરવાના છો. પણ દિવ્યભાવ રાખવો એ ચાવી છે. ટૂંકમાં, સત્સંગમય રહેવાનું. સત્સંગથી નોખા પડીએ તો ઘણું બધું બગડે.’’ આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ સૌને વંદન કરી સ્વામીશ્રીએ વિદાય લીધી હતી.

આજે સવારે સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાતે શ્રી માઈકલ ફોર્ડ (Michael Ford) (મંત્રીશ્રી, સિટિઝનશિપ અને મલ્ટીકલ્ચરાલિઝમ, ઓન્ટારિયો) અને શ્રી મોન્ટે મેકનોટન (Monte McNaughton) (મંત્રીશ્રી, લેબર-ઇમિગ્રેશન-ટ્રેનિંગ અને સ્કિલ્સ ડેવલપમૅન્ટ, ઓન્ટારિયો) આવ્યા હતા. સ્વામીશ્રીએ બંને મંત્રીઓને આવકાર્યા. સ્વામીશ્રીને વંદન કરતાં શ્રી માઈકલ ફોર્ડ કહે: ‘આપને મળવું એ ગૌરવપ્રદ બાબત છે. આપ ફરી અહીં ઓન્ટારિયો રાજ્યમાં પધાર્યા તે બદલ આભાર.’ શ્રી માઈકલે સ્વામીશ્રી માટે લાવેલું સન્માનપત્ર અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણોમાં સમર્પિત કર્યું. ત્યારબાદ શ્રી મોન્ટે મેકનોટને પણ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ બંને મંત્રીશ્રીઓને તેમનું ‘સ્વાસ્થ્ય સારું રહે અને સમાજ તથા દેશની સારી સેવા કરી શકે’ તેવા શુભાશિષ અર્પ્યા.

તા. ૧૬-૬-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ સ્કારબરો અને કેલગરી ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પધરાવવાના અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલમૂર્તિનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

## ■ મહિમા દિન

તા. ૧૭-૬-૨૦૨૩ના રોજ સંધ્યા સભામાં ‘મહિમા દિન’ ઊજવાયો હતો. વિવેકમૂર્તિદાસ સ્વામીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ યુવકોએ સ્કિટ રજૂ કરી હતી. આજની સભામાં શ્રી અહમદ હુસેન (મંત્રીશ્રી, હાઉસિંગ ડાયવર્સિટી અને ઇન્ક્લ્યુઝન, કેનેડા) આવ્યા હતા. તેઓએ પોતાની લાગણીઓ અભિવ્યક્ત કરી હતી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું: ‘તમે દેશની સારી સેવા કરશો.’ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થતાં ખૂબ સારાં કાર્યોથી પ્રભાવિત સરકારશ્રીએ ખાસ સન્માનપત્ર મોકલાવ્યું હતું. તે શ્રી અહમદે સ્વામીશ્રીને અર્પણ કર્યું. ઉપરાંત સભામાં ટોરન્ટો પોલીસ સર્વિસના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી મનદીપ માન (Mandeep Mann), ટોરન્ટો પોલીસ સર્વિસના ઇન્સ્પેક્ટર શ્રી જેક ગુર (Jack Gurr), સાર્જન્ટ શ્રી જે. કે. ગિલ (વોટરલૂ પ્રાદેશિક પોલીસ), કોન્સ્ટેબલ શ્રી જશ મનાની (ગલ્ફ પોલીસ સર્વિસ) અને કોન્સ્ટેબલ શ્રી લેસ્લી સ્મિથ (પીલ પ્રાદેશિક પોલીસ) પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને આશિષ પાઠવ્યા હતા.

કેનેડામાં છેલ્લાં ૧૯ વર્ષથી બી.એ.પી.એસ. કાર્યકરોની જ્ઞાનગોષ્ઠિ ચાલે છે. બાળ-કિશોર-યુવા સત્સંગ પ્રવૃત્તિઓના કાર્યકરોની આવી ગોષ્ઠિઓ વર્ષે ૬૦૦થી વધારે થાય છે!

હજારો ભક્તો તેનાથી લાભાન્વિત થઈ રહ્યા છે. આજની સભા પણ એ જ્ઞાનગોષ્ઠિના રૂપે જ હતી.

જ્ઞાનગોષ્ઠિ રૂપે સભાનો પ્રવાહ વહેવા લાગ્યો. તેમાં બ્રહ્મવત્સલદાસ સ્વામીએ સ્વામીશ્રીની ભક્ત-વત્સલતાના પ્રસંગો કહ્યા. ઉત્તમયોગી સ્વામીએ 'સ્વામીશ્રીની દયાભાવના'ના પ્રસંગો કહ્યા. 'સ્વામીશ્રીની મહિમા દૃષ્ટિ' વિષયક જ્ઞાનપ્રિયદાસ સ્વામીએ તેમના સ્વાનુભવના પ્રસંગો કહ્યા. સ્વામીશ્રીને પુછાયું કે, 'આપના ગુરુ યોગીજી મહારાજનો મહિમા આપને કહેવાનો હોય તો એક વાક્યમાં શું કહેશો?' સ્વામીશ્રી કહેઃ 'ભગવાન, શ્રીજીમહારાજનું સાક્ષાત્ સ્વરૂપ હતા.' ગુરુના શિષ્યો પ્રત્યે પણ એ જ મહિમાદૃષ્ટિ રાખતાં સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની રજ મસ્તકે ચઢાવી, બાળકનો હાથ પોતાના માથે મુકાવ્યો, બાળકોને પગે લાગ્યા વગેરે દૃશ્યો વીડિયોના માધ્યમથી દર્શાવવામાં આવ્યાં. ત્યાગવલ્લભદાસ સ્વામીએ મુંબઈની સ્મૃતિઓ તાજી કરી સ્વામીશ્રીનો મહિમા કહ્યો.

કાર્યકરોએ પ્રશ્ન પૂછ્યો કે અમને બીજાના ગુણની સાથે તેમના અવગુણ પણ દેખાય છે, પરંતુ તે મૂકીને અમે સાથે રહીને, એકબીજાનો મહિમા સમજીને સેવા કરીએ તો તેનો શું લાભ થાય? સ્વામીશ્રી કહેઃ 'સત્પુરુષ જાણે જ છે કે તમને આ બધું થવાનું છે. અને તમે ઊગતી પેઢી કહેવાઓ એટલે અવગુણ-ગુણ... અવગુણ-ગુણ બધું આવ્યા જ કરવાનું. પણ એમાંથી જ જો ગુણનું પાસું બંધાઈ જાય તો એમ એમ કરતાં તમે ગુણિયલ થઈ જાઓ.'

પ્રમુખસ્વામી મહારાજનો અને સ્વામીશ્રીનો પણ સંકલ્પ છે કે 'કેનેડા આધ્યાત્મિક રંગે રંગવું છે'. તે દર્શાવતાં સ્વામીશ્રીએ કેનેડાના નકશા પર અધ્યાત્મનો ભગવો રંગ ચઢાવ્યો!

સંગીતવૃંદે *'સંપીલો પરિવાર અમારો જંપીલો પરિવાર'* કીર્તન શરૂ કર્યું. તેની સમાંતરપણે સ્વામીશ્રી સાથે સંતો અને ભક્તોએ સંપહાર રચી અક્ષરપુરુષોત્તમ મહારાજને પહેરાવ્યો!

આમ, ખૂબ સુંદર પ્રેરણાઓ આપતી મહિમા સભા પૂર્ણ થઈ હતી.

આજે સવારે સમૂહ વર્તમાનવિધિ થયો હતો. ૧૫૦ જેટલાં બાળકો તથા નવા મુમુક્ષુઓને સ્વામીશ્રીએ 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ...' અને 'ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ' મંત્રો ઝિલાવી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા.

## ■ અસ્મિતા દિન

તા. ૧૮-૬-૨૦૨૩ના રોજ, કેનેડામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓએ 'અસ્મિતા દિન' ઊજવ્યો હતો. સન ૨૦૧૭માં સ્વામીશ્રીએ 'સહજાનંદી સિંહસંતાન કેવાં હોય?' તે સંદર્ભમાં લખ્યું હતુંઃ Fearless, Courageous, Stable... અર્થાત્, નિર્ભય, હિંમતવાન અને સ્થિર! આ જ વિચારોને કેન્દ્રમાં રાખીને 'મહંતજીના સિંહસંતાન' સંવાદ અને સંત-પ્રવચનોની જુગલબંધી રજૂ થઈ હતી. ક્રમશઃ વિવેકજીવનદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી અને જ્ઞાનવત્સલદાસ સ્વામીએ પ્રવચન કર્યાં હતાં. આરતી-અર્ઘ્ય બાદ *'ફૂલડે ગરકાવ ફૂલ્યા ફૂલડે ગરકાવ રે...'* કીર્તન ગુંજી ઊઠ્યું. સંતોએ ફૂલોનો ભરાવદાર હાર સ્વામીશ્રીને પહેરાવ્યો.

'મહંત સ્વામી મહારાજ આધ્યાત્મિક ગુણોની દૃષ્ટિએ કેવા સિંહપુરુષ છે તે રજૂઆત સંતોના પ્રસંગકથન દ્વારા થઈ. ગુણસાગરદાસ સ્વામીએ 'સ્વામીશ્રીની નિર્ભયતા અને સહનશીલતા', શ્રુતિપ્રિયદાસ સ્વામીએ 'તપ-નિયમોના પાલનમાં સ્વામીશ્રીની શૂરવીરતા'ના પ્રસંગો કહ્યા. સંતચરિતદાસ સ્વામીએ 'સ્વામીશ્રીની સ્થિરતા'ના પ્રસંગો કહ્યા.

પ્રસંગકથન બાદ યુવકોએ પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રીનું માર્ગદર્શન મેળવ્યું હતું. તેમાં વિદ્યાર્થીઓ માટે એક સુંદર પ્રશ્ન પુછાયો કે અભ્યાસ અને જીવનમાં સફળ થવું હોય તો કયાં સૂત્રો હંમેશાં નજર સમક્ષ રાખવાં? સ્વામીશ્રીએ સરસ પ્રેરણા આપતાં જણાવ્યું, 'અભ્યાસમાં અને જીવનમાં સફળ થવું હોય તો નિયમ-ધર્મની દૃઢતા બહુ અગત્યની છે. તમે એક જરાક ભૂલ કરી એટલે ગયા. જરાક લપસ્યા એટલે આખું જીવન પસ્તાવાનું થશે. એટલે નિયમ-ધર્મની દૃઢતા રાખવી. બીજું; નિયમિત સત્સંગ કરવો. શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે જો એક દિવસ પણ સત્સંગ ન થાય તો મોટું ગાબડું પડે. એક જરાક ઢીલ રહે એટલે વિષયમાં આખા ખેંચાઈ જવાય; સત્સંગમાં હતા-ન હતા એવું થઈ જાય. એટલે નિયમિત સત્સંગ કરવો અને બરાબર કરવો. ત્રીજું; 'નિયમિત અભ્યાસ કરવો.' અભ્યાસ માટે તો તમે ભારતથી અહીં આવ્યા છો. જે કરવાનું છે એ ના થયું તો આખું જીવન બરબાદ થશે. ઘણા બધા યુવકો અહીં આવ્યા છે, તેમને થોડાક પૈસા હોય એટલે ફેલમાં ચઢી જાય. પોતાનું ભાન ભૂલી જાય કે હું શા માટે આવ્યો છું? અને ફેલ, મોજ-મજામાં પડી જાય. એટલે નિયમિત સત્સંગ કરવો અને નિયમિત અભ્યાસ કરવો. નિયમિત અભ્યાસ થાય તો જેના માટે અહીં આવ્યા છીએ એ બધું સાર્થક થાય.''

પ્રશ્નોત્તરી બાદ મહંત સ્વામી

મહારાજના સિંહસંતાનોએ યુવાનોની કટિબદ્ધતા દર્શાવતાં *'મહંતજીનાં સિંહસંતાનો અમે કદી ના ડરનારા...'* કીર્તન પર જોશભર્યું નૃત્ય કર્યું. વેદમૂર્તિદાસ સ્વામીએ કેનેડામાં ચાલી રહેલી 'સ્ટુડન્ટ્સ ઍક્ટિવિટી'નો અહેવાલ આપ્યો. વિશેષ સ્મૃતિ આપતાં સ્વામીશ્રીએ અત્રે અભ્યાસ કરી રહેલા ૨૦૦૦ જેટલા સત્સંગના યોગમાં આવેલા યુવાઓની નામાવલી પર સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યા હતા.

## ■ રથયાત્રા ઉત્સવ

તા. ૨૦-૬-૨૦૨૩નો દિન ટોરન્ટો-કેનેડાના હરિભક્તો-ભાવિકો માટે અતિ ભાગ્યવંતો બની રહ્યો હતો. કારણ કે આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં રથયાત્રાનો ઉત્સવ ઊજવાયો હતો. વહેલી સવારે સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે આજના ઉત્સવને અનુરૂપ માહોલ છવાયો હતો. મહિલા ભક્તોએ રથયાત્રાને અનુરૂપ સુંદર રચના કરી 'અમારા જીવનરથની દોરી આપના હાથમાં રાખજો' તેવી પ્રાર્થના રજૂ કરતી એક દોરી પણ જોડી હતી. સ્વામીશ્રીએ પ્રેમે તે દોરી ગ્રહણ કરી. આરતી બાદ મધ્યખંડ સમક્ષ સ્વામીશ્રીએ રિમોટ કંટ્રોલ દ્વારા કલાત્મક નાના રથમાં અક્ષરપુરુષોત્તમ મહારાજને વિહાર કરાવી રથયાત્રાનો શુભારંભ કર્યો હતો.

પ્રાતઃ પૂજા બાદ આજના ઉત્સવને કેન્દ્રમાં રાખીને સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યાઃ ''આજે રથયાત્રાનો પવિત્ર દિવસ છે. આ ઉત્સવ જગન્નાથપુરીમાં ખૂબ ધામધૂમથી ઊજવાય છે. શ્રીજીમહારાજ વનવિચરણ કરતાં કરતાં જગન્નાથપુરી પધારેલા ત્યારે રથયાત્રાનો ઉત્સવ આવેલો અને ત્યાંના રાજાએ, સાક્ષાત્ ભગવાન હોય એ રીતે નીલકંઠવર્ણીનું પૂજન કરેલું. અને રથમાં બેસાડીને વિહાર કરાવેલો. રાજા સોનાની સાવરણીથી આગળ આગળ વાળતા જાય... અમે પણ ત્યાં ગયેલા છીએ અને આ બધી વિધિનો લાભ લીધેલો છે.'

યોગીજીમ મહારાજના સાંનિધ્યમાં લંડનમાં રથયાત્રા ઉત્સવ ઊજવ્યો તેની સ્મૃતિ કરી સ્વામીશ્રીએ વિશેષમાં કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે આપણા જીવનની લગામ ભગવાનના હાથમાં સોંપી દઈએ એ રથયાત્રા સાચી. જેમ અર્જુને કૃષ્ણ ભગવાનને પોતાના સારથી બનાવ્યા તો તેમનો વિજય થયો, તેમ આપણે પણ નિષ્ઠા દૃઢ કરીએ. અને ભગવાન ને ગુરુની આજ્ઞા મુજબ જીવન જીવીએ તો આપણો રથ ક્યાંય ન અટકે, સીધો અક્ષરધામમાં પહોંચે.'

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ રથયાત્રા ઉત્સવ વિધિવત્ આરંભાયો. સૌ પ્રથમ સ્વામીશ્રીએ ચંદન, અક્ષત અને પુષ્પથી રથમાં વિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. પૂજન બાદ અક્ષરપુરુષોત્તમ મહારાજને ફળફળાદિ અને થાળ ધરાવાયા. હવે સ્વામીશ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને સાથે લઈ શણગારેલા રથમાં બિરાજ્યા. ગળામાં મોતી અને આસમાની રંગનાં સુંદર પુષ્પોનો હાર પહેર્યો હતો. અદ્ભુત દર્શન હતાં. આવાં અલૌકિક દર્શન આપતાં સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. ભક્તોની વચ્ચેથી હાસ્ય ભરેલા પ્રફુલ્લિત વદને દર્શન આપતાં પસાર થયા. સંગીતજ્ઞવૃંદ *'આજ મારે ઘેર થાય લીલા લહેર..., આનંદ ઉચ્છવ થાય છે રે યજ્ઞપુરુષને દ્વાર...'* જેવા ઉત્સવિયા કીર્તનો રેલાવી રહ્યું હતું. સ્વામીશ્રીના રથની પાછળ સંતો હાર પહેરીને કરતાલ વગાડતા હતા. તમામ ભક્તોને સરસ સમીપદર્શનનો લાભ મળ્યો.

રથયાત્રાએ મંદિર પરિસરમાં વિહાર આરંભ્યો. દિવ્યતાભર્યા વાતાવરણમાં સૌના હૈયે અપાર ઉત્સાહ-ઉમંગ છલકાતો હતો. રથની પાછળ સંગીતજ્ઞ સંતો-હરિભક્તો બુલંદ અવાજે કીર્તનો ગાઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ કરતાલ વગાડતાં કીર્તનોના તાલે તાલ મિલાવ્યો. રથયાત્રાએ મંદિર પરિસરના એક એક માર્ગને પાવન કર્યો. સંગીતવૃંદ દ્વારા ગવાતા કીર્તનની રમઝટ વચ્ચે સંતોએ મુજરા કરતાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીની પ્રદક્ષિણા કરી. સ્વામીશ્રીને મોતી અને આસમાની રંગનાં ફૂલોની ચાદર સંતોએ ઓઢાડી. આજથી બરાબર ૧૦ વર્ષ પૂર્વે, રથયાત્રાના જ દિવસે સારંગપુરમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને અદલ આવાં જ હાર અને ચાદર ઓઢાડવામાં આવ્યાં હતાં! ઈતિહાસ પુનરાવર્તિત થયો તેનો આનંદ પણ સૌના અંતરે ઊભરાતો હતો.

આજે સ્વામીશ્રીએ રથયાત્રાના પાવન દિને સૌને અવિસ્મરણીય દર્શન -સ્મૃતિઓમાં ગરકાવ કરી દીધા હતા.

● તા. ૨૧-૬-૨૦૨૩ના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' હતો. આજના દિવસે સ્વામીશ્રીએ યોગ-પ્રાણાયામ કરીને સૌને તન-મન તંદુરસ્ત રાખવા જણાવ્યુંઃ ''આસન અને કસરતમાં એટલો ફેર કે કસરત સ્થૂળ મસલ ડેવલપ કરે અને આસનો અંદરની નાડીઓ મુલાયમ કરે, એટલે કોઈ રોગ ન થાય. આસન ઠેઠ સુધી રહે. અને એની અસર નાડીઓમાં થાય, નાડીઓ પહોળી થાય, એટલે એ એકદમ અંદરનું ડેવલપમેન્ટ થાય.

આસન કરનારા વરસો સુધી નીરોગી રહ્યા છે... કસરત ગમે ત્યારે કરાય, પણ આસન સવારે જ કરવાં.''

## ■ પ્રાપ્તિ દિન

તા. ૨૪-૬-૨૦૨૩ના રોજ યુવકો-કિશોરોએ 'પ્રાપ્તિ દિન' ઊજવ્યો હતો. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાથી જ પ્રાપ્તિ દિન આરંભાઈ ચૂક્યો હતો. પ્રસ્તુતિ માટે સ્વામીશ્રીની એક બાજુ કિશોરો પરમહંસોના વેશે અને બીજી બાજુ વર્તમાન કિશોરોના વેશે બેઠા હતા. પ્રસ્તુતિની ધારા એવી હતી કે 'પરમહંસોને જે શ્રીજીમહારાજ મળ્યા હતા તે જ અત્યારે આપણને મળ્યા છે' અને તેને અનુરૂપ એક પછી એક પ્રાપ્તિનાં કીર્તનો ગવાયાં. પૂજાના અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યા.

આજે સમૂહ વર્તમાન વિધિ અંતર્ગત સ્વામીશ્રીએ 'અક્ષરમ્ અહં પુરુષોત્તમ દાસોસ્મિ' અને 'ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ' મંત્રો ઝિલાવી સૌને ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા. આજે ૧૨ બ્રાહ્મણ બટુકોએ ત્યાગવલ્લભદાસ સ્વામીના હસ્તે જનોઈ ગ્રહણ કરી હતી.

આજના 'પ્રાપ્તિ દિન'ની મુખ્ય સભા સાયંકાળે યોજાઈ હતી. ધૂન-પ્રાર્થના અને કીર્તનભક્તિ બાદ વિવેકજીવનદાસ સ્વામી અને ત્યાગવલ્લભદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં પ્રાપ્તિનો મહિમા દૃઢાવ્યો હતો. 'કિશોરો પ્રાપ્તિને કેવી રીતે જીવી રહ્યા છે, તેનાથી કેવી રીતે લાભાન્વિત થઈ રહ્યા છે!' તે વિષયક તેમની અનુભૂતિ વીડિયોના માધ્યમથી પ્રસ્તુત થઈ રહી હતી. સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે ઉપસ્થિત સૌએ બુલંદ તાળીનાદ કર્યો ને હર્ષથી જયનાદો કર્યા, કારણ કે જેઓની પ્રાપ્તિની વાત થઈ રહી હતી તેઓ હવે પ્રત્યક્ષ હતા!

કિશોરોએ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી આરંભી. એક કિશોર યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જઈ રહ્યો હતો. સામાન પૅક કરતાં તે પૂજા જ ભૂલી ગયો. આ મુદ્દાના આધારે યુવકોએ વિવિધ પ્રશ્નો દ્વારા સ્વામીશ્રીનું નિયમ-ધર્મમાં અડગ રહેવા સંબંધી પ્રેરક માર્ગદર્શન મેળવ્યું હતું.

છેલ્લે એક પ્રશ્ન પુછાયો કે 'અમને ઘણીવાર ડિપ્રેશન આવી જાય છે, એકલવાયાપણું લાગે છે ને એવું ઘણું થાય છે, તો કયો વિચાર તેને મટાડી શકે?''

સ્વામીશ્રીએ સુંદર માર્ગદર્શન આપતાં કહ્યું: ''ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેનો નિરંતર વિચાર કર્યા કરવો. ભગવાન આપણી સાથે જ છે, તેનું અનુસંધાન રાખવું. આ એક દિવસની વાત નથી. આપણે તો મન સાથે કુસ્તી કર્યા જ કરવી અને સત્પુરુષ - શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજમાં દૃઢ વિશ્વાસ રાખવો અને 'એ કહે એમ મારે કરવું જ છે' એવી રીતે નિર્ધાર કરીએ તો આગળ વધાશે.' એમ કહીને સ્વામીશ્રીએ એક બાળકની બોધવાર્તા કહી. તેનો સાર હતો કે જીવનની યાત્રામાં ભગવાન સાથે જ છે. એટલે તેઓમાં વિશ્વાસ રાખો. તેઓમાં શ્રદ્ધા રાખો કે તેઓ હંમેશાં આપણી સાથે છે. I will always be With you! તો એકલાપણું નહીં લાગે.'' સ્વામીશ્રીનાં આ બળભર્યાં વચનોએ સૌને હિંમત અને પ્રાપ્તિના કેફથી છલકાવી દીધાં.

આ જ પ્રાપ્તિની વાત ઘૂંટાવતાં કિશોરો-યુવકોએ *'આજ મળી મોટી વાત...'* કીર્તન પર જોશભર્યું નૃત્ય કર્યું. દરમ્યાન સંતોએ વિધવિધ હારતોરા અને ચાદર વડે સ્વામીશ્રીને વધાવ્યા. નૃત્યની ચરમસીમારૂપ ક્ષણોમાં સ્વામીશ્રીએ હસ્તમાં દાંડિયા લઈ નૃત્ય કરતા યુવકોની સાથે તાલ મિલાવી સૌને સુખ આપ્યું હતું.

આજે સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે પધારેલા શ્રી ડગ શિપલી (સાંસદ), શ્રી ઈન્સ્પેક્ટર ડેવિડ ડોક્સી (પ્રતિનિધિ, ટોરન્ટો પોલીસ સર્વિસ) અને સાર્જન્ટ શ્રી માઈકલ ડેવિસ (પ્રતિનિધિ, ગલ્ફ પોલીસ સર્વિસ)ને સંતોએ હાર પહેરાવીને સન્માન્યા અને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

## 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન'નો મંગલ પ્રારંભ

તા. ૨૫-૬-૨૦૨૩નો દિન કેનેડાના સત્સંગ સમુદાયને વિશિષ્ટ સ્મૃતિ આપનારો બની રહ્યો હતો. અમેરિકાની ધરતી પર રચાયેલા અક્ષરધામનું નિર્માણ કાર્ય સંપન્ન થવા આવ્યું છે અને ટૂંક સમયમાં જ તેનો ઉદ્‌ઘાટન મહોત્સવ આરંભાઈ રહ્યો છે ત્યારે આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા 'અક્ષરધામ મહોત્સવ' અંતર્ગત 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન્સ'નો મંગલ દીપ પ્રગટાવાયો હતો. આ નિમિત્તેની વિધિમાં જોડાતા સ્વામીશ્રીએ પ્રથમ દીપ પ્રાગટ્યનો સંકલ્પ કર્યો. ત્યારબાદ અક્ષરપુરુષોત્તમ મહારાજનું વેદોક્ત પૂજન કર્યું હતું. સૂર્યમાંથી પ્રજ્વલિત કરવામાં આવેલા અગ્નિ વડે સ્વામીશ્રીએ વેદોક્ત વિધિપૂર્વક બે દીપ પ્રજ્વલિત કર્યા ત્યારે 'અક્ષરધામ મહોત્સવ'નો જયનાદ ગુંજી ઊઠ્યો, શંખનાદ થયા હતા. સ્વામીશ્રીએ બંને દીપકોનું ચંદન-અક્ષતથી પૂજન કરી અક્ષરપુરુષોત્તમ મહારાજ સહ આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પી હતી. ત્યારપછી શુભ સંકલ્પોની પરિપૂર્તિ

માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી હતી.

આ અવસરે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''અમેરિકામાં અક્ષરધામ થઈ રહ્યું છે તે પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય સંકલ્પ છે. કેટલી બધી તકલીફ વેઠીને પણ સ્વામી(પ્રમુખસ્વામી મહારાજ) અક્ષરધામની ભૂમિ પર જઈ આવ્યા અને તેને પાવન કરી. પાવન તો હતી પણ ડબલ પાવન કરી!

આ સંકલ્પ પૂર્ણ કરવા અમેરિકાના ભક્તોએ તો કમાલ કરી દીધી છે. બધા તન-મન-ધનથી યાહોમ થઈ ગયા છે. સંતો-ભક્તોએ પ્રમુખસ્વામી મહારાજનું વચન અધ્ધર ઝીલી લીધું, નીચે પડવા જ દીધું નથી. ખરેખરો રાજીપો લઈ લીધો છે. આવા પુરુષના સંકલ્પમાં ભળે ને એક કાંકરી નાંખે તોય મેરુ જેટલું થઈ જાય. મહારાજ-સ્વામી બધા સંતો-ભક્તોને ભેટશે. ખાલી જેણે (સેવા-સમર્પણનો) સંકલ્પ પણ કર્યો હશે એમને પણ ભેટશે!

આજે અક્ષરધામ મહોત્સવનો આ પ્રારંભ થઈ ગયો. હવે આપણે મંડી પડવાનું છે, રાહ નહીં જોવાની. હવે આપણો વારો છે. આ મહોત્સવે મહારાજ-સ્વામી અને પ્રમુખસ્વામી મહારાજની જાહેરાત કરવાની છે. પ્રતિષ્ઠા પહેલા મોટો યજ્ઞ થશે. તે અઢી મહિના ચાલશે. આવો અવસર ફરી નહીં આવે. માટે આપણે બધાએ જોડાવું અને બીજાને પણ પ્રેરણા આપીને આ સંકલ્પમાં જોડવા.

અક્ષરધામની મૂર્તિની સેવા પણ અનુકૂળતા પ્રમાણે કરવી. આ સેવા ફરી નહીં મળે. આ તો મોક્ષની દુકાન છે. જે સેવા કરશે તે સુખિયા થશે. આ લોક-પરલોક બધી રીતે સુખી કરવાની વાત છે. માટે પોતે ઘસાઈને પણ આ સેવા કરવી. જેમણે જેમણે આ અક્ષરધામની તને-મને-ધને સેવા કરી છે, તે તમામને શ્રીજીમહારાજ સર્વ પ્રકારે સુખિયા કરે અને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવે એ જ પ્રાર્થના.''

આજ રોજ સ્વામીશ્રીએ મંદિરના ઉદ્યાનમાં પધરાવવામાં આવેલી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મહામૂર્તિ સમક્ષ પધારીને સૂર્યનારાયણમાંથી અગ્નિ પ્રગટ કર્યો હતો. સ્વામીશ્રીએ તે અગ્નિમાંથી દીપશલાકા પ્રગટાવી અને તેના વડે દીપ પ્રાકટ્ય કર્યું હતું. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું. સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રજ્વલિત આ પવિત્ર અગ્નિ અક્ષરધામ મહોત્સવ સંપન્ન થાય ત્યાં સુધી દરેક કાર્યમાં વપરાશે.



દીપ પ્રાગટ્યથી ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશનનો મંગલ પ્રારંભ કરતા સ્વામીશ્રી...

કેનેડામાં 'કોમ્યુનિટી ડે'ના ઉપક્રમે ઉપસ્થિત વિવિધ સમુદાયના અગ્રણીઓ સાથે સ્વામીશ્રી...



## ■ કેનેડામાં સત્સંગનાં ૫૦ વર્ષનો મંગલ પ્રારંભ કરતો સમારોહ

સન ૧૯૭૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કેનેડાની ભૂમિ પર પ્રથમવાર પધારીને બી.એ.પી.એસ. સત્સંગનાં બીજ વાવ્યાં હતાં. ત્યારપછી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ અવારનવાર અહીં પધારીને આ સત્સંગને પોષણ આપ્યું. તેના પરિણામ સ્વરૂપે સત્સંગના આ બીજ વટવૃક્ષ બનીને સૌને અધ્યાત્મની શીતળતા અર્પી રહ્યા છે. માત્ર બે હરિભક્તોથી કેનેડામાં આરંભાયેલો બી.એ.પી.એસ.નો સત્સંગ વર્તમાન સમયમાં અહીંના વિવિધ પ્રાંતોમાં પ્રસરી ચૂક્યો છે. સન ૨૦૨૪માં બી.એ.પી.એસ.ના આ સત્સંગને ૫૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં વિશિષ્ટ સમારોહ યોજાયો હતો.

આ સમારોહનો વિષય હતો - 'BAPS Canada - Celebrating 50 Years of Community Services, 1974 to 2024...' જ્ઞાનવત્સલદાસ સ્વામી અને ચૈતન્યમૂર્તિદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. યુવકોએ પ્રેરણાત્મક સ્કિટ રજૂ કરી હતી. યુવાવૃંદે *'મંદિરમ્ મંદિરમ્...'* કીર્તન પર નૃત્ય કરી મંદિર મહિમા ઉજાગર કર્યો હતો. ઠાકોરજીની આરતી બાદ 'અક્ષરધામ મહોત્સવ'ના ઉપક્રમે ચૈતન્યમૂર્તિદાસ સ્વામીએ સોશિયલ મીડિયા ચેનલનું સ્વામીશ્રીના હસ્તે ઉદ્‌ઘાટન કરાવ્યું.

આજના સમારોહમાં સહભાગી થવા અને સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ઓન્ટારિયો રાજ્યના પ્રીમિયર (મુખ્યમંત્રી) શ્રી ડગ ફોર્ડ, કેનેડાના ટ્રાન્સપોર્ટ વિભાગના મંત્રીશ્રી ઓમર અલગાબ્રા અને કેનેડા ખાતેના ભારતીય હાઈકમિશનર શ્રી સંજયકુમાર વર્મા પધાર્યા હતા. સ્વામીશ્રી વતી સંતોએ ત્રણેય મહાનુભાવોને હાર પહેરાવીને સન્માન્યા.

સમારોહમાં શ્રી ઓમરે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં કહ્યું, 'તમે બધા Silent Heroes છો. તમે તમારાં રોજિંદાં જીવન જીવતાં જીવતાં સમાજની, કેનેડાની સેવા કરો છો, તેનાથી તમે કેનેડાને રહેવા માટે વધુ સારું સ્થાન બનાવી રહ્યા છો. જે તમે રોજ કરો છો તેના માટે હું દિલથી આપ સૌનો આભાર વ્યક્ત કરું છું.' ત્યારબાદ તેમણે કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડોનો સંદેશ વાંચ્યો હતો.

શ્રી ડગ ફોર્ડે કહ્યું, 'જ્યારે જ્યારે હું અહીં આવું છું ત્યારે મને ઘર જેવો અનુભવ થાય છે. જે મને દરેક વખતે પ્રભાવિત કરે છે તે એ છે કે આ બધું વોલેન્ટિયર દ્વારા થઈ રહ્યું છે અને તે અદ્‌ભુત છે. હું મહંત સ્વામી મહારાજનું મહા-સ્વાગત કરું છું. ઓન્ટેરિયો રાજ્ય સરકાર તરફથી હું કેનેડા (સત્સંગ)ની ૫૦મી વર્ષગાંઠ માટે આપનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું. અમને પાંચ લાખથી વધુ હિન્દુ કેનેડિયન ભાઈઓ પર ગર્વ છે. તમે બધાએ આ પ્રાંતના દરેક ક્ષેત્રના સફળતા માટે અમૂલ્ય યોગદાન આપ્યું છે. છેલ્લાં ૫૦ વર્ષોથી, બી.એ.પી.એસ. સંસ્થાએ માત્ર અહીં ટોરોન્ટો જ નહીં, પરંતુ આપણા પ્રાંત અને આપણા દેશભરના સમુદાયોમાં ભારે પ્રભાવ પાડ્યો છે અને તમે કરેલાં તમામ અદ્‌ભુત કાર્યો અને સ્થાનિક હૉસ્પિટલ માટે ફંડ રેઈઝિંગ કરવા માટેના તમારા વાર્ષિક વોકેથોન સહિત ચૅરિટી કાર્ય માટે અમે ખૂબ આભારી છીએ. જ્યારે વિશ્વ પૅંડેમિકમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તમે આગળ આવ્યા અને અન્ય કોઈ પણ સંસ્થા કરતાં વધુ રસીઓ પહોંચાડી છે; અકલ્પનીય! દરેકનો આભાર.'

ભારતીય હાઈકમિશનર શ્રી સંજયકુમારે કહ્યું, 'તમે ૫૦ વર્ષ સમાજ સેવા કરી છે. આ માત્ર એક પ્રૅક્ટિસ જ નથી, તે એવી વસ્તુ છે જે બી.એ.પી.એસ.ના DNAમાં આવી ગઈ છે. જ્યારે તમે સમાજસેવા કરો છો ત્યારે તમે કોની સેવા કરો છો તેની તમને પરવા નથી, કારણ કે તે વસુધૈવકુટુંબકમ્‌નો સિદ્ધાંત આપણા ઋષિમુનિઓ અને સંતોનો છે. પ્રાચીનકાળથી તેમણે આપણને શીખવ્યું છે તે માનવતાની સેવા છે, તેથી તમે ૫૦ વર્ષથી સમાજની સેવા નથી કરી, પરંતુ તમે માનવતાની સેવા કરી છે.'

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવનકાળ દરમિયમાન નિઃસ્વાર્થભાવે ભગવાનને રાજી કરવા સમાજસેવા કરી છે. એવી રીતે આપણે પણ એમના પગલે પગલે સમાજસેવામાં જોડાવું. યોગીજી મહારાજ કહેતા, 'ભગવાન સૌનું ભલું કરો', એવી ભાવના આપણે પણ રાખવી અને સેવા કરવી.

પ્રમુખસ્વામી મહારાજનું જીવન સૂત્ર હતું 'In the Joy of others, lies our own.' સંપ-સુહૃદભાવ અને એકતાથી સેવા કરીએ તો આપણને શાંતિ થાય અને બીજાને પણ સમાસ થાય. આ સમાજસેવાનું કાર્ય આગળ ને આગળ વધતું જ જશે. અને સંપનું સર્કલ મોટું થશે. આ ભાવનાથી સમાજસેવા કરીશું તો future is bright. આપણે ધાર્યું નહીં હોય તેવું કાર્ય થશે. આમ સીધેસીધું છે. માન, ઈર્ષ્યા, ક્રોધ,

કપટ, કચરો મૂકી દઈએ ને ‘બધાનું ભલું થાય’ એવી રીતે સેવા કરીએ તો આ પૃથ્વી સ્વર્ગ થઈ જાય.

આજે આપણી સભામાં જે જે મહાનુભાવો પધાર્યા છે, તે સર્વેનું આપણે સ્વાગત કરીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે, તેઓ પોતાના ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરે અને તને, મને અને ધને સુખી થાય.’’

આ સમારોહમાં પધારેલા અન્ય મહાનુભાવોની નામાવલિ અત્રે પ્રસ્તુત છે:

શ્રી શફકત અલી (સાંસદ, બ્રેમ્પટન સેન્ટર), શ્રી ફ્રાન્સેસ્કો સોરબારા (સાંસદ, વોન-વુડબ્રિજ), શ્રી માઈકલ ડી. ફોર્ડ (મંત્રીશ્રી, નાગરિકતા અને બહુસાંસ્કૃતિક વિભાગ, ઓન્ટારિયો), શ્રી સ્ટીફન લેસી (શિક્ષણ મંત્રીશ્રી, ઓન્ટારિયો), શ્રી દીપક આનંદ (સભ્યશ્રી, પ્રોવિન્શિયલ પાર્લામેન્ટ, મિસિસોગા-માલ્ટન), શ્રી રૂડી કુઝેટ્ટો (સભ્યશ્રી, પ્રોવિન્શિયલ પાર્લામેન્ટ, મિસિસોગા-લેકશોર), શ્રી ડેવિડ સ્મિથ (સભ્યશ્રી, પ્રોવિન્શિયલ પાર્લામેન્ટ, સ્કારબોરો-સેન્ટર), શ્રી ગ્રેહામ મેકગ્રેગોર (સભ્યશ્રી, પ્રોવિન્શિયલ પાર્લામેન્ટ, બ્રેમ્પટન-નોર્થ), શ્રી એરીસ બેબીકિયન (સભ્યશ્રી, પ્રોવિન્શિયલ પાર્લામેન્ટ, સ્કારબોરો-એજીનકોર્ટ), શ્રી લોગન કનાપથી (સભ્યશ્રી, પ્રોવિન્શિયલ પાર્લામેન્ટ, માર્કહામ-થોર્નહિલ), શ્રી અમરજોત સંધુ (સભ્યશ્રી, પ્રોવિન્શિયલ પાર્લામેન્ટ, બ્રેમ્પટન-વેસ્ટ), શ્રી શેરેફ સબાવી (સભ્યશ્રી, પ્રોવિન્શિયલ પાર્લામેન્ટ, મિસિસોગા-ઈરીન મિલ્સ), શ્રી નીલ એલિસ (મેયર, બેલેવિલે સિટી), શ્રી વિન્સેન્ટ ક્રિસાન્ટી (કાઉન્સિલર, ઈટોબીકોક નોર્થ સિટી, ટોરન્ટો), શ્રી જોશ માટલો (કાઉન્સિલર, ટોરન્ટો-સેન્ટ. પોલ, ટોરન્ટો), શ્રી સ્વામી સદ્યોજતા (આર્ટ ઓફ લિવિંગ), શ્રી ડૉ. લકી લક્ષ્મણન (શૃંગેરી મંદિર), શ્રી ડૉ. ફ્રેન્ક માર્ટિનો (પ્રેસિડન્ટ અને સીઈઓ, વિલિયમ ઓસલર હેલ્થ સિસ્ટમ), શ્રી કેન મેહુ (પ્રેસિડન્ટ અને સીઈઓ, વિલિયમ ઓસલર હેલ્થ સિસ્ટમ ફાઉન્ડેશન), શ્રી એસ. કે. દેસાઈ (લક્ષ્મીનારાયણ મંદિર) અને શ્રી અશ્વની ભારદ્વાજ (લક્ષ્મીનારાયણ મંદિર) વગેરેનું સંતો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મહાનુભાવો સ્વામીશ્રીને મળીને પ્રભાવિત થયા હતા.

શ્રી સલમા ઝાહિદ (સાંસદ, સ્કારબરો-સેન્ટર), શ્રી સોનિયા સિદ્ધુ (સાંસદ, બ્રેમ્પટન-સાઉથ), શ્રી નીના ટેંગરી (હાઉસિંગના સહયોગી મંત્રીશ્રી, ઓન્ટારિયો) વગેરેનું મહિલા વિભાગમાં મહિલા હરિભક્તો દ્વારા સન્માન કરાયું હતું.

### ■ ટોરન્ટો મંદિરનો પાટોત્સવ

તા. ૨૬-૬-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ટોરન્ટો ખાતેના બી.એ.પી.એસ. મંદિરનો ૧૬મો પાટોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. પાટોત્સવ નિમિત્તે વહેલી સવારે મંગળા આરતી બાદ ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મહાપૂજાવિધિ યોજાયો હતો. મહાપૂજાની પૂર્ણાહુતિ બાદ ઠાકોરજીને ભાતભાતની ૩૬૦ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કરીને, ભાવપૂર્વક આરતી ઉતારી હતી.

આ પ્રસંગે અંતરના આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું, ‘‘આ બધી પ્રથાઓ (પાટોત્સવ વિધિ) ચાલુ રાખવાની છે. ખાલી ચાલુ રાખવાની છે એમ નહીં, મહિમા સહિત, ભક્તિ સહિત, મન પરોવીને ચાલુ રાખવાની છે. મહારાજ-સ્વામી વિરાજ્યા છે એટલે એમને ભક્તિ અર્પણ કરવાની છે. તો એ ચાલુ રાખ્યું કહેવાય, નહીં તો બધું બજારી બકાલું થઈ જાય! ભગવાનમાં દૈવત આવે એના માટે નહીં, આપણી શ્રદ્ધા ઓછી થાય છે એના માટે પાટોત્સવ છે. શ્રદ્ધા અને ભક્તિ બે ઉમેરાય તો જ રંગ જામે.’’

● તા. ૨૭-૬-૨૦૨૩, અષાઢ સુદ નોમ - આજે તિથિ પ્રમાણે પરમ પૂજ્ય સ્વામીશ્રીનો પાર્ષદી દીક્ષાદિન હતો. આ દીક્ષાને ૬૩ વર્ષ પૂર્ણ થતાં આશીર્વાદમાં સ્વામીશ્રીએ ‘દીક્ષાસ્મૃતિ’ કરી હતી.

● તા. ૨૯-૬-૨૦૨૩ના રોજ સિડની(ઓસ્ટ્રેલિયા) મંદિરમાં મંદિરમાં ગોઠવાયેલા બે પ્રકારનાં સત્સંગદીક્ષા શાસ્ત્રોનું (વિશાળ ગ્રંથના રૂપમાં અને કલાત્મક પેટીમાં) સ્વામીશ્રીએ ઝૂમ કોલ દ્વારા પૂજન કર્યું હતું. તેના પ્રતીકરૂપે સ્વામીશ્રી સમક્ષ અક્ષરપુરુષોત્તમ મહારાજની સાથે તે બંને ગ્રંથો ઉપસ્થિત હતા. સ્વામીશ્રીએ સૌ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને આ ગ્રંથોનું પૂજન કરી આરતી ઉતારી.

પરમચિંતનદાસ સ્વામીએ ઑસ્ટ્રેલિયામાં સત્સંગદીક્ષા શાસ્ત્ર પર જે વિશિષ્ટ ઉપક્રમો આરંભાયા છે અને હવે આરંભાવાના છે તેની વિગતે માહિતી આપી કે સ્વામીશ્રીની ઈચ્છાનુસાર, બાળક-બાલિકા પાંચ વર્ષનાં થાય ત્યાં સુધીમાં સત્સંગદીક્ષાનો મુખપાઠ કરાવી લેવો, તે અહીં આરંભાઈ ચૂક્યું છે. પ્રત્યેક દિવસે એક હરિભક્તના ઘરે સત્સંગદીક્ષાનો હોમાત્મક પાઠ આરંભાઈ ચૂક્યો છે. કલાત્મક પેટીમાં જે સત્સંગદીક્ષા છે તે



'કેનેડા ડે'ના અવસરે વિવિધ રંગી રોશનીઓથી ઝળહળતા બી.એ.પી.એસ. મંદિરના પ્રાંગણમાં આતશબાજી વચ્ચે શ્રદ્ધાના હજારો દીપ ઝળહળી ઊઠ્યા...

અહીંના ૨૦૦૦ પરિવારોમાં રહેશે. આ શાસ્ત્ર શ્રીજીમહારાજનું અને ગુરુપરંપરાનું સ્વરૂપ જ છે તેથી તે રીતે જ સૌ ભક્તો તેનાં દર્શન-પૂજન-આરતી કરશે. સમયે સમયે પોથીયાત્રા થશે.

સ્વામીશ્રીએ વિગતો જાણી આશીર્વાદ આપ્યા: ''આ સત્સંગદીક્ષા ગ્રંથ શ્રીજીમહારાજ તથા ગુણાતીત ગુરુઓનું સ્વરૂપ જ છે, એમ વિશ્વાસ રાખી ઘરમંદિરમાં તેનાં દર્શન-પૂજા કરવાં. અને વિશ્વાસ કેમ ન હોય? આ પુરુષો સાક્ષાત્કારની સ્થિતિને પામ્યા છે. વિશ્વાસ બહુ મોટું કામ કરે. એમનામાં વિશ્વાસ રાખીને આપણે ભજન-ભક્તિ-સેવા બધું કરવું... મંદિરે દર્શન કરવા આવીએ ત્યારે સત્સંગદીક્ષા શાસ્ત્રના ૩ શ્લોક અવશ્ય વાંચવા.'' સંતો તથા ઉપસ્થિત ભક્તોએ સ્વામીશ્રીનાં આ વચનો આનંદે ઝીલ્યાં હતાં.

## ■ કેનેડા દિન

તા. ૧-૭-૨૦૨૩ના રોજ 'કેનેડાનો સ્વતંત્રતા દિન' હતો. તે નિમિત્તે મંદિરમાં કેનેડાના રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યા હતા. ઠાકોરજીના હસ્તમાં પણ રાષ્ટ્રધ્વજ શોભી રહ્યા હતા. સ્વામીશ્રીની પૂજાનું મંચ પણ કેનેડાના ધ્વજ અને કેનેડાના પ્રતીક સમા મેપલનાં પાનની અદ્‌ભુત કલાકૃતિઓથી શણગારાયું હતું. તેની મધ્યેથી સ્વામીશ્રીએ પૂજાદર્શન આપ્યા.

પૂજા બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા: ''આજે કેનેડા ડે છે. કેનેડા દેશમાં વસતા તમામ નાગરિકો સર્વ પ્રકારે સુખી થાય. આપણી તો આ રીત જ છે: બીજાના સુખમાં આપણું સુખ. એટલે એ પ્રમાણે બધાં સુખી થાય, કોઈ બાકી નહીં. ભલે આપણને થોડું દુ:ખ પડે, પણ બીજા બધાં સુખી થાય, એવી ભાવના રાખવી. કેનેડા દેશમાં શાંતિ અને સમૃદ્ધિ વધતાં રહે, સૌમાં ધર્મ ભાવનાની વૃદ્ધિ થાય. અરસપરસ સંવાદિતા અને સંપ વધતો રહે. એ પણ જરૂરી છે. બાકી સંપત્તિ વધે, બધું વધે પણ સંપ ન હોય, એકબીજાને કતરાતી આંખે જોતા હોય અને એકબીજા માટે ભાવ ન હોય તો એ બધું ક્લેશનું કારણ રહે.

આજે કેલગરી તથા બ્રેન્ડન મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા થાય છે. તો બંને



'કેનેડા ડે'ના અવસરે મંદિરના પ્રાંગણમાં ઊમટેલા વિશાળ ભક્તસમુદાયે
દીપ પ્રગટાવીને કેનેડાની શાન સમા મંદિર, શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને મહંત સ્વામી મહારાજને વધાવ્યા...

મંડળોના હરિભક્તોએ નિયમિત મંદિર દર્શન, આરતી અને સભાનો લાભ લેવો. મંદિર આપણા માટે તૈયાર થયું છે. સાક્ષાત્ ભગવાન વિરાજવાના છે. જેવી ભાવના એટલું ફળ મળશે. અને જે જે હરિભક્તોએ આ મંદિર નિર્માણમાં સેવા કરી છે તે સર્વે પ્રકારે સુખી થાય એ આશીર્વાદ છે.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ બ્રેન્ડન (Brandon, Manitoba) અને કેલગરી (Calgary, Alberta) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. વળી, આજે અક્ષરપુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ કરીને હરિ-ભક્તોએ સમર્પણ-ભક્તિ અદા કરી હતી.

'કેનેડા દિન' નિમિત્તેનો મુખ્ય પ્રસંગ રાત્રે યોજાયો હતો. 'અક્ષરઝરૂખા'ની સમક્ષ ખુલ્લા મેદાનમાં ૩,૦૦૦ જેટલા ભક્તો, સંતો સહિત ઉપસ્થિત હતા - 'કેનેડા દિન'ને વધાવવા. સ્વામીશ્રીનાં સારી રીતે દર્શન થાય તે માટે એક નાનો ઉપમંચ પણ રચવામાં આવ્યો હતો. સૌ પ્રથમ સૌએ કેનેડાના રાષ્ટ્રગીતનું ગાન કર્યું. સ્વામીશ્રીએ કેનેડાનો ધ્વજ લહેરાવ્યો, તો સામે હજારો સંતો-હરિભક્તોએ પણ ધ્વજ લહેરાવી સ્વાતંત્ર્ય દિનને અભિવંદિત કર્યો. ત્યાગવલ્લભદાસ સ્વામીએ સૌ ભક્તો વતી કેનેડાના પ્રતીક સમા મેપલનાં પાનનો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. પ્રત્યેક પાન ઉપર સ્વામિનારાયણ મહામંત્ર અંકિત હતો, સાથે કેનેડાના બધા જ રાજ્યોના નામ પણ લખેલાં હતાં. અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની સ્વામીશ્રી સહિત સૌએ સમૂહ આરતી ઉતારી. આરતીના અંતે મંદિર પરિસરમાં થયેલી ભવ્ય આતશબાજીથી ગગન રંગબેરંગી પ્રકાશથી ઝગમગી ઊઠ્યું. આ પ્રકાશમાં સ્વામીશ્રીનાં દર્શનનો અનેરો લાભ સૌએ માણ્યો. સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજ ઝરૂખામાં દર્શન આપવા પધારતાં તે સમયે વાગતું મ્યુઝિક અહીં પણ ગુંજી ઊઠ્યું: *'આજે યજ્ઞપુરુષને દ્વાર નોબત વાગે રે લોલ...' 'બ્રહ્માનંદ રેલાવે રે રેલાવે રે રેલાવે રે...'* સૌનાં હૈયાં આનંદ-ઉમંગે

નાચી ઊઠ્યાં.

ખરેખર! કેનેડામાં પણ સારંગપુર જેવું જ દિવ્ય વાતાવરણ છવાઈ ગયું! કેનેડા દિન સૌને ખૂબ ફળ્યો. સૌને આનંદ-ઉલ્લાસથી ભરી દીધા.

## ■ પાર્ષદી દીક્ષા અને બાળ દિન

તા. ૨-૭-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ ટોરન્ટો (કેનેડા)ના બે યુવકોને વેદોક્ત રીતે પાર્ષદી દીક્ષા આપી હતી. આ યુવકો પૈકીના સ્નેહલભાઈનું અનિરુદ્ધ ભગત અને આકાશભાઈનું શુકદેવ ભગત નામાભિધાન કરીને સ્વામીશ્રીએ તેઓને દીક્ષામંત્ર આપ્યો હતો.

બંને પાર્ષદોને ત્યાગાશ્રમના માર્ગે આગળ વધવા શુભાશિષ પાઠવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''યોગીબાપાએ તો આશીર્વાદ આપી જ દીધા છે. જે જે સાધુ થશે એ યોગીબાપાએ જ દીક્ષા આપી કહેવાશે. યોગીબાપાએ એવો દૃઢ સંકલ્પ કર્યો છે કે આવતી પેઢીઓ સુધી સાધુતાને શોભાડે એવા સાધુ થશે. અંતરથી એકાંતિકપણું તમારામાં આવે એ જ મુખ્ય છે. બીજું બધું તો ઠીક છે. ભણતર ઓછું-વધતું હોય પણ એકાંતિકપણું – ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ અને સ્ત્રી-ધનનો ત્યાગ આવે એ મુખ્ય છે. અને બધા તૈયાર થયા છો ને થશો. અને શ્રીજીમહારાજ સાથે કાયમ માટેનું જોડાણ થશે અને એ પ્રીતિ તૂટે નહીં એવી દૃઢ થશે.''

સંધ્યા સમયે બાળકોએ 'બાળ દિન' ઊજવ્યો હતો. જેનો મધ્યવર્તી વિચાર હતો: 'ગાર્ડન ઑફ રાજીપો - ધ હેપ્પીએસ્ટ ગાર્ડન ઓન અર્થ.' આ વિચાર સાથે બાળકોએ ધૂન-પ્રાર્થનાગાનથી સભાનો શુભારંભ કર્યો. મંચનું દૃશ્ય ઉદ્યાનનું હતું. તેમાં વિધ વિધ રંગનાં સુંદર બાળપુષ્પોએ એક બહારથી આવેલાં પતંગિયાં સાથે પરિસંવાદ યોજ્યો હતો. પુષ્પોએ સ્વામીશ્રીને પોતાના વહાલા માળી તરીકે સંબોધ્યા. અને પતંગિયાંને પોતાની વાતો આનંદથી કહી. પરિસંવાદની સાથે સાથે તેને અનુરૂપ સુંદર કીર્તન પંક્તિઓ અને શ્લોક પંક્તિઓ પણ ગવાઈ હતી.

બાળકોએ સુંદર પ્રેરણાત્મક કાર્યક્રમની રજૂઆત અને ભક્તિભર્યા નૃત્યોથી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી સત્સંગલક્ષી અને અભ્યાસલક્ષી સુંદર માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે ટી.વી., સોશિયલ મીડિયા, ગેઈમ્સ વગેરે કુસંગનો ત્યાગ કરવા જણાવ્યું હતું. બાળકોએ આ નિયમ લઈને સ્વામીશ્રીનો રાજીપો ઝીલ્યો હતો.

કાર્યક્રમના અંતિમ ભાગમાં સ્વામીશ્રીએ બે હાથ પહોળા કરીને બાળકોને વહાલથી ભેટવાનું સુખ આપ્યું. રાજી થઈને બાળપુષ્પો અને બાળ પતંગિયાંઓએ *'સ્વામી સ્વામી, ફૂલોને ખીલવાનો માર્ગ બતાવે... આજ માળી બન્યા છો તમે મહંતરાજ...'* કીર્તન પર નૃત્ય કર્યું. જેમાં સમગ્ર કાર્યક્રમના બધા જ મુદ્દાઓ સુંદર રીતે વણી લેવામાં આવ્યા હતા. બાળસનેહી સ્વામીશ્રીએ સ્મરણીય સ્મૃતિઓથી બાળકોને આનંદ પમાડ્યો હતો.

આજની સભામાં કેનેડામાં વિરોધ પક્ષના નેતા અને કન્ઝર્વેટિવ પાર્ટીના લીડર શ્રી પિયર પોલીવર (Pierre Poilievre) આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીને મળીને ખૂબ જ પ્રભાવિત થયા હતા. સભામાં તેઓએ પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં કહ્યું: 'મહંત સ્વામી મહારાજ, આપની સમક્ષ અહીં હાજર થવું એ મારું સૌભાગ્ય છે. મને જાણવા મળ્યું છે કે કાલે ગુરુપૂનમ છે. ગુરુપૂનમ એટલે ગુરુનો મહિમા સમજવાનો દિવસ. ગુરુ જ છે જે લોકોને સાચું માર્ગદર્શન આપે છે. આવા મહાન સંતનું સન્માન કરવા, આવા ભવ્ય મંદિર સિવાય હું બીજી કોઈ જગ્યા વિચારી નથી શકતો. હું વિશ્વના અને કેનેડાના બધાં જ મહાન ચર્ચ, મંદિર અને સિનેગોગ (જ્યુ) ધર્મસ્થાનમાં જઈને આવ્યો, પરંતુ આ બી.એ.પી.એસ. મંદિર જેવું મેં ક્યાંય જોયું નથી. કેનેડાના હૃદયમાં રહેલા આ બી.એ.પી.એસ. મંદિર જેવું બીજું કોઈ સ્મારક, આખા કેનેડામાં મેં જોયું નથી. ૨૪,૦૦૦ વિવિધ પથ્થર, જેમાં અમુક ૧૦૦ ગ્રામના નાના નાના છે અને અમુક ૩ ટનના વિશાળ છે, તેવા ૨૪,૦૦૦ પથ્થર કોઈ પણ પ્રકારના સ્ટીલ વગર જોડે ઊભા છે. સર્વેને સ્વહસ્તે કોતરીને, વિચારીને, પ્લાનિંગ અને ડિઝાઈન સાથે ગોઠવીને આ શ્રેષ્ઠ કૃતિનું સર્જન થયું છે. પરંતુ તેમાંનો સૌથી અગત્યનો પથ્થર, એટલે કે તેનો કિસ્ટોન (કમાનનો પથ્થર) જે બધા પથ્થરોને એક સાથે જોડી રાખે છે, જે બધા પથ્થરોનો દબાવ સમાવીને, બધાને એકસ્થાને પકડી રાખે છે. મહંત સ્વામી મહારાજ, આપ છો તે કિસ્ટોન! હા, મહંતસ્વામી મહારાજ, આપ જ છો તે કિસ્ટોન!'

આજની સભામાં ઇન્સ્પેક્ટર ચિરાગ ભટ્ટ (પ્રતિનિધિ, યોર્ક રિજિયોનલ પોલીસ), શ્રી સુભાષ ખન્ના (ચૅરમૅન, મોન્ટ્રિયલ સ્થિત હિન્દુ મંદિર) અને શ્રી દિલીપભાઈ ચૌહાણ (ડેપ્યુટી કમિશનર, ન્યૂયોર્ક (યુ.એસ.)) પધાર્યા હતા. સ્વામીશ્રીએ તમામ મહાનુભાવોને આશીર્વાદ આપ્યા હતા.

## ■ ગુરુપૂર્ણિમા

ગુરુપૂર્ણિમા એટલે હિન્દુ ધર્મનું મહાપર્વ. ભારતીય સંસ્કૃતિમાં આ

પર્વનો ખૂબ જ મહિમા ગવાયો છે. ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે અસંખ્ય હિન્દુઓ પોતાના ગુરુદેવનું પૂજન કરીને ગુરુ પ્રત્યે ભક્તિભાવ પ્રગટ કરે છે અને આશિષ મેળવે છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વર્ષો સુધી આદિ તીર્થધામ બોચાસણ ખાતે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઊજવી સંતો-હરિભક્તોને અલભ્ય લાભ આપ્યો હતો. ગુરુપદે બિરાજ્યા બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ ઉત્સવ ઊજવીને સૌને દિવ્ય સ્મૃતિઓ આપી છે.

આ વર્ષે, તા. ૩-૭-૨૦૨૩ના રોજ ગુરુપૂર્ણિમાનો પવિત્ર ઉત્સવ ટોરન્ટો-કેનેડાની ધરતી પર પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના પાવન સાંનિધ્યમાં ઊજવાયો હતો.

વહેલી સવારે ગુરુદેવ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને પૂજાદર્શનનો લાભ આપ્યો હતો. પૂજા દરમ્યાન નારાયણમુનિદાસ સ્વામીએ કરેલી પ્રાર્થનાની સાથે સંગીતજ્ઞ સંતોએ ગાયેલાં સુંદર ભક્તિપદોથી વાતાવરણમાં અનેરી દિવ્યતા પ્રસરી ગઈ હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું હતું. નારાયણમુનિદાસ સ્વામી અને જ્ઞાનપ્રિયદાસ સ્વામીએ સૌ સંતો-હરિભક્તો વતી સ્વામીશ્રીનું પૂજન કર્યું હતું. પૂજનવિધિ બાદ સંતોએ વિવિધ હાર અર્પણ કરીને ગુરુહરિનાં ચરણે વંદના કરી હતી. અંતમાં સ્વામીશ્રીએ સૌ પર આશીર્વાદ વરસાવ્યાં: ''આજે ગુરુપૂનમનો દિવસ છે, સામાન્ય દિવસ નથી. અને જેવા સમર્થ ગુરુ હોય એટલી વધારે પ્રાપ્તિ થાય.

આપણે કેવા ભાગ્યશાળી છીએ કે આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુરુ મળ્યા! હવે તેઓને રાજી કરી લેવા. આપણા ગુરુ સમર્થ છે. આ બ્રહ્માંડમાં આવા ગુરુઓ મળ્યા એ બહુ જ મોટી વાત છે. બધી બ્રહ્માંડની ધન-સંપત્તિ એક બાજુ મૂકે તો આ ગુરુનો અંશ પણ ના થાય એવી મોટી પ્રાપ્તિ થઈ છે!

પ્રમુખસ્વામી મહારાજ કહેતા: 'આપણો જન્મ જ ગુરુને રાજી કરવા માટે છે.' આપણી પોતાની જાતને રાજી કર્યે શું વળે? શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ એવા સમર્થ ગુરુ મળ્યા છે કે વાત પુછાય નહીં. આપણે ગુરુમાં લીન થઈએ, ગુરુની વાત સમજીએ, ગુરુને ઓળખીએ તો જીવન સાર્થક થઈ જાય.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા: 'ગુરુ કહે તે ઉગમણી દિશા. એમનું વચન એ વેદવાક્ય.' જે ખરેખર જ્ઞાની હોય એ આ મર્મને સમજી શકે. બીજા બધા ગ્રંથોના ગ્રંથો તમે લખ્યા, વાંચ્યા હોય પણ તોય તમને ન સમજાય. શુકમુનિ સ્વામીએ કહ્યું: 'આ વચનામૃત મેં લખ્યા અને ૨૦ વર્ષ પસાર થઈ ગયા પણ સમજ્યા તો ગુણાતીતાનંદ સ્વામી પાસે.' એટલે પોતાના લખેલા હોય તોય તમને ન સમજાય. ખરેખરા ગુરુ હોય - સાક્ષાત્ પરબ્રહ્મ હોય એમના વાક્યે સમજાય. મુક્તોની પંક્તિમાં ભેળવે એવા ગુરુ આપણને મળ્યા છે. આ રીતે ગુરુને રાજી કરવાનું સૌને બળ મળે અને બધા તન-મન-ધનથી સુખી થાય એ ગુરુપૂનમના આશીર્વાદ છે. સર્વને ગુરુપૂનમના જય શ્રી સ્વામિનારાયણ!''

સાયંકાળે ગુરુપૂર્ણિમાનો મુખ્ય ઉત્સવ ઊજવાયો હતો. અક્ષરબ્રહ્મ ગુરુહરિની પ્રત્યક્ષ સંનિધિમાં પ્રથમવાર કેનેડાની ધરા પર ઊજવાઈ રહેલા ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરનો લાભ લેવા માટે કેનેડાના દૂર-સુદૂરનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાંથી તેમજ અન્ય દેશોમાંથી ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. ગુરુહરિના આગમન પૂર્વે સભામંડપ અને હવેલીનો હૉલ ભક્તો -ભાવિકોથી ખીચોખીચ ભરાઈ ચૂક્યા હતા.

મંગલાચરણ, ધૂન અને પ્રાર્થનાગાનથી યુવકવૃંદે સભાનો શુભારંભ કરાવ્યો. વિવેકમૂર્તિદાસ સ્વામીએ સૌને આવકાર્યા. ગુરુભક્તિના દિવ્ય વાતાવરણને માણતા સૌ કોઈ ગુરુમય બની ગયા હતા. 'ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ...' આ મંત્રના આધારે સભાપ્રવાહ વહ્યો. નારાયણમુનિદાસ સ્વામી, શ્રુતિપ્રકાશ સ્વામી, વિવેકજીવનદાસ સ્વામી, જ્ઞાન-વત્સલદાસ સ્વામી, ભદ્રેશદાસ સ્વામી અને સદ્‌ગુરુ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ અદ્‌ભુત પ્રવચનમાં ગુરુનો અપ્રતિમ મહિમા ગાયો હતો. આ વિષયોને સાંકળતો વીડિયો દર્શાવાતો હતો અને પંક્તિનૃત્યો દ્વારા કિશોર-યુવકોએ ગુરુદેવનાં ચરણોમાં ભાવવંદના કરી હતી.

આજના ઉત્સવે સ્વામીશ્રીએ અને ઉપસ્થિત સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજ ગુરુવર્યોનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરી હતી. સમગ્ર બી.એ.પી.એસ. પરિવાર વતી ત્યાગવલ્લભદાસ સ્વામીએ કલાત્મક હાર અર્પણ કરીને આશીર્વાદ લીધા. *'મહંત સ્વામી તવ ચરણે આભાર, અમે વંદન કરીએ વારંવાર...'* પર બાળકો-કિશોરોએ થનગનતા હૈયે ભક્તિસભર નૃત્યાંજલિ અર્પી. નૃત્ય દરમ્યાન દેશ-પરદેશનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાંથી આવેલા કલાત્મક અને વૈવિધ્યસભર હાર વડીલ સંતોએ ગુરુદેવને અર્પણ કરીને વધાવ્યા.



ગુરુપૂર્ણિમાના અવસરે વિશ્વભરમાંથી ગુરુભક્તિનો પ્રવાહ કેનેડામાં બિરાજમાન મહંત સ્વામી મહારાજ પ્રતિ વહ્યો અને ગુરુપૂર્ણિમાનો શાનદાર સમારોહ યોજાયો...

આ પવિત્ર અવસરે સૌ પર કૃપાશિષ વરસાવતાં ગુરુવર્યે જણાવ્યું: "મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે: *'ગુરુમુખી તે સુખડાં માણે રે...'* આપણે બધાને, જીવ પ્રાણીમાત્રને સુખી થવું છે પણ આવડતું નથી, ને મુક્તાનંદ સ્વામીએ ચાવી બતાવી દીધી: મનમુખી તે દુઃખી, ગુરુમુખી તે સુખી! સુખી થવું હોય તો ગુરુમુખી થવું પડે.

આપણને મળેલા ગુરુ સાચા છે - શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, એમની શું વાત થાય! એ બ્રહ્મકોટિમાં છે. આપણે બધાએ એમની કોટિમાં ભળી જવાનું છે. સાચા એટલે ભગવાનનો સાક્ષાત્કાર પામેલા. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે: 'આ તો ભગવાન જેવા સાધુ છે...' એટલે કાંઈ બાકી ન હોય.

શાસ્ત્રીજી મહારાજે, યોગીબાપા માટે કહ્યું: 'વ્યાસજીને સાધુના જે ગુણ લખવાના રહી ગયા હશે તે પણ યોગીજી મહારાજમાં જોવા મળશે.' એટલે કેટલી મોટી પ્રાપ્તિ! આ પ્રાપ્તિને માણવાની છે. યોગીબાપાએ કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજ સાક્ષાત્ સાધુતાની મૂર્તિ, સર્વ ગુણે સંપન્ન!' આવા ગુરુની પ્રાપ્તિનો કાયમ કેફ રાખવો. યોગીબાપા કહેતા: 'જો પ્રાપ્તિનો કેફ ન ચડે તો ગુરુને સેવ્યા જ નથી.' તેમના વચનમાં વર્તીએ તો જીવન ધન્ય બની જાય. આવી પ્રાપ્તિ થઈ છે એટલે એ સમજીને એ પ્રમાણે વર્તીએ એ જ પ્રાર્થના."


આશીર્વાદની સમાપ્તિ બાદ સૌએ સ્વામીશ્રી સાથે સમૂહ આરતીનો લાભ લીધો. સ્વામીશ્રી સભામંડપમાંથી વિદાય લઈને હવેલીના હૉલમાં પધાર્યા. આજના શુભ દિને ગુરુહરિનાં પ્રત્યક્ષ દર્શન થતાં અહીં બેઠેલા સૌ કોઈની ગુરુપૂર્ણિમા સુફળ થઈ.

આજે અહીં ૧૦,૦૦૦થી વધુ હરિભક્તો-ભાવિકોએ ગુરુપૂર્ણિમાના પવિત્ર ઉત્સવનો લાભ લીધો હતો. ઉપરાંત દેશ-વિદેશમાં વસતા અસંખ્ય હરિભક્તોએ ઓનલાઇનના માધ્યમથી ઘરે બેઠા ગુરુપૂર્ણિમાના ઉત્સવનો લાભ પ્રાપ્ત કરી ગુરુભક્તિ અદા કરી હતી.

● તા. ૪-૭-૨૦૨૩ના રોજ મંદિરમાં સમૂહ વાગ્દાનવિધિ અને સમૂહ લગ્ન હતાં. અત્રે સ્વામીશ્રીએ સગાઈ વિધિની સામગ્રી પુષ્પ-પાંદડી છાંટી પ્રસાદીની કરી. ત્યારબાદ સ્વામીશ્રીએ સગાઈ માટે લગ્નગ્રંથિથી જોડાનાર છ વરરાજાઓને શુભાશિષ




એક મહિના સુધી કેનેડાની ધરતી પર બિરાજીને આધ્યાત્મિક મોજું પ્રસરાવતા સ્વામીશ્રીને ભાવભીની વિદાય આપી સૌએ પુનઃ પધારવા પ્રાર્થના કરી.



અર્પ્યા. પછી કહેઃ ''શ્રીજીમહારાજે કલ્યાણ તો બધાનું કર્યું છે. જેને દૃઢ આશરો હોય તેને શ્રીજીમહારાજ વિશેષ પોતાની પાસે રાખે. ગૃહસ્થ હોય કે ત્યાગી હોય પણ શ્રીજીમહારાજની કલ્યાણની રીત તો એકસરખી જ છેઃ જેટલા એમના થાય એટલા શ્રીજીમહારાજ એમને અપનાવે. બસ, બધા તને-મને-ધને સુખી થાઓ અને ગૃહસ્થ જીવન ધર્મયુક્ત વિતાવો એ જ પ્રાર્થના.''

● તા. ૬-૭-૨૦૨૩ના રોજ કેનેડાના સંતો-હરિભક્તોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીની શર્કરાતુલા કરીને વિશેષ ગુરુભક્તિ અદા કરી હતી.

● તા. ૭-૭-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ ડેટ્રોઇટ (Detroit, MI) અને સેન્ટ લુઈસ (St. Louis, MO) ખાતેના બી.એ.પી.એસ. મંદિરના અભિષેક મંડપમ્‌માં પ્રતિષ્ઠિત થનારી નીલકંઠવર્ણીની મૂર્તિઓનો વેદોક્ત પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

● તા. ૮-૭-૨૦૨૩નો દિન સ્વામીશ્રીનો ટોરન્ટો-કેનેડા ખાતેના રોકાણનો અંતિમ દિન હતો. સાયંકાળે યોજાયેલી આભાર સભામાં પધારીને સ્વામીશ્રીએ સૌને દર્શનસુખ આપ્યું. સતત એક મહિના સુધી દિવ્ય સત્સંગ-દર્શનનો લાભ આપવા બદલ સંતોએ સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કર્યો. વિવિધ કલાત્મક હારતોરા અર્પણ કરીને વિદાયમાન આપ્યું.

આજે સ્વામીશ્રીને ભારે હૈયે વિદાય આપવા આવેલા સૌ કોઈની આંખો આંસુઓથી છલકાઈ ઊઠી હતી અને એક મહિના સુધી ગુરુહરિનું સાંનિધ્ય સેવ્યાનો આનંદ-ઉમંગ પણ હતો. સૌની ભાવભરી વિદાય લઈને સ્વામીશ્રીએ અમેરિકાના ન્યૂજર્સી રાજ્યના રોબિન્સવિલ પ્રતિ પ્રયાણ કર્યું હતું.

કેનેડાની ધરતી પર સતત એક મહિના સુધી આધ્યાત્મિક મોજું પ્રસરાવી સ્વામીશ્રી અમેરિકાની ધરતી પર પધાર્યા ત્યારે રોબિન્સવિલ ખાતે અક્ષરધામની ધરતી પર હજારો ભક્તોનો વિશાળ સમુદાય તેઓના સ્વાગત માટે થનગનતો પ્રતીક્ષા કરી રહ્યો હતો. (બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆




# મહંત સ્વામી મહારાજને કેનેડામાં સત્કારતા
# વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડો

કેનેડાના પ્રસિદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૮-૬-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડોની ઐતિહાસિક મુલાકાત યોજાઈ હતી. શ્રી જસ્ટીન ટ્રુડો ટોરન્ટો ખાતેના બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા ત્યારે મંદિરના ઘુમ્મટમાં સ્વામીશ્રીએ પુષ્પોનો સુંદર હાર પહેરાવી તેઓને આવકાર્યા હતા. વડાપ્રધાનશ્રીએ પણ પુષ્પોનો હાર સ્વામીશ્રીના કંઠમાં અર્પણ કરીને અભિવંદનપૂર્વક કેનેડાની ધરતી પર તેઓનો હાર્દિક સત્કાર કર્યો હતો.

કેનેડા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગને ૫૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે તે નિમિત્તે ૨૫ જૂન, ૨૦૨૩ના રોજ યોજાયેલા સમારંભમાં શ્રી ટ્રુડો પધારવાના હતા, પણ આવશ્યક કામ આવી જતાં તેઓ પધારી શક્યા નહોતા, તે બદલ તેમણે દિલગીરી વ્યક્ત કરી. પછી પોતાના અંતરની ભાવનાઓ રજૂ કરતાં કહેઃ 'કેનેડા આપના સમુદાયથી ખૂબ સમૃદ્ધ બન્યું છે, આપે ફક્ત આર્થિક રીતે જ નહીં, પરંતુ ઊંડી સમજ અને વિશાળ ભાવનાઓ રાખી છે. સ્વામીજી! હું આપના નેતૃત્વ અને વિશાળ ભાવનાઓ બદલ આભાર વ્યક્ત કરું છું, અને બી.એ.પી.એસ. સમુદાય સમગ્ર કેનેડા માટે ખૂબ મહત્ત્વનો છે અને મહત્ત્વનો બનતો રહેશે. એટલે આ ઉત્સવ ફક્ત બી.એ.પી.એસ.નાં ૫૦ વર્ષનો નથી, એ આખા દેશ માટેનો પણ ઉત્સવ છે!'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું: ''આપનું સ્વાસ્થ્ય ખૂબ સારું રહેશે અને દેશની વધુ ને વધુ સેવા કરી શકો તેવી અમે પ્રાર્થના કરીએ છીએ.'' ત્યારબાદ સ્વામીશ્રીએ આશીર્વાદરૂપે વડાપ્રધાનશ્રીના કાંડા પર નાડાછડી બાંધી. સ્વહસ્તે આશીર્વાદ લખેલું સત્સંગદીક્ષા શાસ્ત્ર ભેટમાં આપ્યું. તે આશીર્વાદ શાસ્ત્રનાં











દર્શન કરીને વડાપ્રધાનશ્રી ખૂબ રાજી થયા. સાથે, પૂર્વે હિન્દુ શાસ્ત્રો લખાતાં તેમ, છૂટાં પાનાંઓમાં ગ્રંથિત સત્સંગદીક્ષા પણ સ્વામીશ્રીએ ભેટમાં આપ્યું. સાથે In Love, At Ease, પ્રમુખસ્વામી મહારાજનું અંગ્રેજી પુસ્તક અને પ્રસાદ પણ આપ્યો.

સ્વામીશ્રીએ શ્રી ટ્રુડોના સમગ્ર પરિવાર માટે પણ નાડાછડી આપી. આ નાડાછડીના તાણાવાણાનો રંગ લાલ અને સફેદ છે, એ જ રંગો કેનેડાના ધ્વજમાં પણ છે, અને બી.એ.પી.એસ.ના ધ્વજમાં પણ છે!

હળવી ગોષ્ઠિ અને સ્વામીશ્રીના આશીર્વાદ લઈને વડાપ્રધાનશ્રી આ આનંદસભર અને સ્નેહસભર મુલાકાત બાદ વિશેષ સમારોહમાં પધાર્યા.

એ પૂર્વે વડાપ્રધાનશ્રીએ શ્રી નીલકંઠવર્ણીનો અભિષેક કર્યો. ત્યારબાદ મંદિરની વિશેષતાઓ જાણતાં હવેલીના સભામંડપમાં પધાર્યા. અહીં વિશાળ સમુદાયને સંબોધીને તેઓએ પોતાની ભાવનાઓ રજૂ કરી. ત્યારબાદ ઇન્ટરવ્યૂમાં પણ ભાવોર્મિઓ વહાવતાં તેઓએ કહ્યું: 'આજે, ફરી એક વખત બી.એ.પી.એસ. મંદિરે આવીને હું અત્યંત સન્માનિત અને ભાગ્યશાળી બન્યો છું. અહીં મને મહંત સ્વામી મહારાજ સાથે વાર્તાલાપ કરવાની તક મળી અને કઈ રીતે હિન્દુ ધર્મ અને કેનેડાનાં મૂલ્યો સમાન છે, તે વિષે ચર્ચા કરવાનો મોકો મળ્યો. અમે સંપ તથા વિવિધતામાં એકતાની ઘણી વાતો કરી. આપણે સર્વે વિવિધ સંસ્કૃતિઓમાંથી આવીએ છીએ, બહુવિધ રીતે ધર્મનું આચરણ કરીએ છીએ, પરંતુ આપણો હેતુ એક જ છે આપણું ઉજ્જ્વળ ભવિષ્ય, સૌ માટે, આપણી આવનાર પેઢીઓ માટે, અને આપણા સમાજ માટે. આ જ કેનેડાનું ચાલકબળ છે, આ જ છે જે આ દિવ્ય સમાજ - બી.એ.પી.એસ કૉમ્યુનિટી - પ્રત્યેક દિવસ ઊજવી રહ્યો છે અને નિયમિત રીતે પ્રયત્નશીલ છે.

આજે મારાં અહોભાગ્ય છે કે હું આ સંસ્થાના ધર્મગુરુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને મળી શક્યો. અત્યંત સમર્પિત આ બી.એ.પી.એસ. સમાજનો હું આભાર માનું છું. એમનું કાર્ય કેવળ એમના સમાજ માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે છે. હું આપણા ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ આપ સૌ હિન્દુ સમુદાયના અગ્રણીઓ સાથે કરવા માગું છું. મને વિશ્વાસ છે કે સાથે રહીને આપણે એવો દેશ બનાવીશું કે જે સર્વે કેનેડાવાસીઓ માટે લાભદાયી નીવડશે.'

આમ, વડાપ્રધાનશ્રી અને સ્વામીશ્રીની આ મુલાકાત કેનેડાના વધુ ઉત્કર્ષનું એક સોપાન બની રહી. ◆




# સત્સંગથી નવપલ્લવિત વિવિધ ગામોનાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

## તાજપુરા ખાતે ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી પાદરા તાલુકાના તાજપુરા ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૫-૨-૨૦૨૩ના રોજ શાનદાર રીતે યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં પદારવિંદથી પાવન થયેલા તાજપુરામાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને દિવ્યસ્વરૂપદાસ સ્વામીના વિચરણથી સત્સંગનાં બીજ વવાયાં અને ફાલ્યાં ફૂલ્યાં. સ્વામીશ્રીના આશીર્વાદથી સત્સંગમંડળની શરૂઆત થઈ. સંતોના વિચરણથી અને કાર્યકરોના પુરુષાર્થથી દિનપ્રતિદિન સત્સંગની અભિવૃદ્ધિ થતાં બાળમંડળ, યુવકમંડળ, મહિલામંડળ, યુવતીમંડળ, બાલિકામંડળ સક્રિય થયાં. ગામમાં સત્સંગ મજબૂત બનતાં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. હરિભક્તોએ સંયુક્ત રીતે ગામ વચ્ચે આવેલી ભૂમિ મંદિર માટે અર્પણ કરી અને ત્યાં નિર્માણકાર્યની શરૂઆત થઈ. સૌ હરિભક્તોનો પ્રશંસનીય સહકાર પ્રાપ્ત થયો અને આધ્યાત્મિક તેજસ્વિતા પાથરતું નૂતન મંદિર સાકાર થતાં તેમાં મૂર્તિપ્રતિષ્ઠાનો અવસર આવી પહોંચ્યો.

આ ઉત્સવના ઉપક્રમે તા. ૩-૨-૨૦૨૩ના રોજ સંધ્યાસભામાં સારંગપુરથી પધારેલા સંગીતજ્ઞ સંતોએ સંકીર્તન આરાધના પ્રસ્તુત કરી હતી. તા. ૪-૨-૨૦૨૩ના રોજ અપરાહ્ને પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા ગામની શેરીઓમાં યોજાઈ, તેમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના મયૂરાકાર રથનું વહન કરતા હરિભક્તો, કલાત્મક ગુરુપરંપરા રથ તથા અન્ય પ્રેરણાત્મક રથો આ શોભાયાત્રાના મુખ્ય આકર્ષણ સમાં હતાં. સાથે સાથે ઘોડેસવારો, સાફાધારી બાઈક સવારો, વિવિધ વેશભૂષાધારી બાળકો, વનવાસી નૃત્ય કરતા ભક્તો સહિતની આ ભક્તિસભર શોભાયાત્રાનાં દર્શન સૌ ગામજનોએ કર્યાં હતાં.

તા. ૫-૨-૨૦૨૩ના રોજ સુપ્રભાતે વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો, જેમાં ૩૫૦ યજમાનોએ વિરાજીને પૂજનવિધિનો દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ પ્રગટ

બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સારંગપુરમાં તા. ૨૯-૧-૨૦૨૩ના રોજ વેદોક્તવિધિપૂર્વક પૂજાયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભા યોજાઈ, જેમાં મંચસ્થ સંતોએ આશીર્વચન અર્પીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરીને મંદિર નિર્માણ અને નિર્ધારિત થતાં સૌમાં ઉત્સાહ બેવડાઈ ગયો.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૮-૪-૨૦૨૩ના રોજ સંધ્યાસભામાં કીર્તન આરાધના યોજાઈ, જેમાં ગામજનોની ઉપસ્થિતિમાં સંગીતજ્ઞ યુવકોએ સંકીર્તન ભક્તિ રજૂ કરી. બીજા દિવસે સ્થાપિત થનાર મૂર્તિઓ સમસ્ત ગામ ઉપર શુભદૃષ્ટિ પાથરે તે હેતુસર કલાત્મક રથોમાં શોભાયાત્રા જાસપુરની શેરીઓમાં બપોર





તાજપુરા મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને પ્રાસંગિક સભામાં સત્સંગલાભ આપતા સંતો...

ઉત્સવમાં સહયોગી ભક્તો-ભાવિકોનું સન્માન કર્યું હતું.

ભાગ્યસેતુદાસ સ્વામી તથા અહીં પૂર્વે વિચરણ કરતા જ્ઞાનવીરદાસ સ્વામી, ધર્મચિંતનદાસ સ્વામી તથા અત્યારે વિચરણ કરતા ધર્મકીર્તિદાસ સ્વામી, શ્રીજીવંદનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ગામજનોએ અનન્ય સેવા કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

## જાસપુર ખાતે ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં પદારવિંદથી પાવન થયેલા વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના જાસપુર ગામમાં વર્ષો પૂર્વે પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને દિવ્યસ્વરૂપદાસ સ્વામીના વિચરણથી સત્સંગની શરૂઆત થઈ હતી. ત્યારબાદ જ્ઞાનવીરદાસ સ્વામી અને ધર્મચિંતનદાસ સ્વામીના સતત વિચરણથી સંયુક્ત સત્સંગમંડળ અને ત્યારપછી બાળમંડળ, યુવકમંડળ, મહિલામંડળ, યુવતીમંડળ, બાલિકામંડળની શરૂઆત થઈ. આ સૌ ભક્તજનોના સત્સંગને વિશેષ પરિપુષ્ટ કરવા ગામમાં મંદિરની જરૂરિયાત જણાઈ. હરિભક્તોએ ભક્તિભાવથી પોતાની ભૂમિ મંદિર માટે ભેટ અર્પતાં ત્યાં સૌની ઉત્સાહયુક્ત સેવાથી જોતજોતાંમાં મંદિર નિર્માણ પામ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની તારીખ પછી આરંભાઈ, અનેકવિધ આકર્ષણોયુક્ત આ યાત્રામાં જયનાદો સાથે હરિભક્તો શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના મયૂરાકાર રથનું વહન કર્યું હતું. સાથે સાથે ગુરુપરંપરા રથ, સંત રથ અને પ્રેરણાત્મક સંદેશ આપતા ફ્લોટોએ સમગ્ર ગામમાં પ્રતિષ્ઠા ઉત્સવનો ભવ્ય ઉદ્‌ઘોષ કર્યો હતો.

તા. ૩૦-૪-૨૦૨૩ના રોજ સુપ્રભાતે મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી વેદોક્ત મહાપૂજાવિધિનો લાભ ૨૫૦થી વધુ યજમાનોએ લીધો હતો. ત્યારબાદ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સુરેન્દ્રનગરમાં તા. ૧૯-૪-૨૦૨૩ના વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રતિષ્ઠા સભામાં મંચસ્થ સંતોએ આશીર્વચન પાઠવીને સૌને જીવનમાં ભગવાનની ભક્તિ દૃઢ કરવા અનુરોધ કર્યો હતો.

આ ત્રિદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ દરમ્યાન સૌએ તને-મને-ધને સેવા કરીને ઉત્સવને દીપાવ્યો હતો. પૂજ્ય ભાગ્યસેતુદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા ધર્મકીર્તિદાસ સ્વામી તથા શ્રીજીવંદનદાસ સ્વામીની દેખરેખ હેઠળ સ્વયંસેવકોએ કરેલી અપૂર્વ સેવાથી આ

પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

## અંટોલી ખાતે ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

તાજેતરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે વાઘોડિયા તાલુકાના અંટોલી ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચીને વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ઉજાસ વધુ વિસ્તાર્યો છે.

આમ તો બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયથી ઠીકરિયાના ભક્તરાજ મણિભાઈ ભટ્ટ થકી અંટોલીમાં સન ૧૯૫૧માં સત્સંગની શરૂઆત થઈ હતી. ત્યારથી લઈને છેલ્લાં ૭૨ વર્ષથી અહીં સત્સંગમંડળ કાર્યરત છે. અંટોલીમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સાત વખત, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સત્તર વખત અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે ચાર વખત પધરામણી કરીને હરિભક્તોનાં ઘરોને પાવન કર્યાં છે. સન ૧૯૭૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અંટોલીમાં રચાયેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. ગુણાતીત સત્પુરુષોના આશીર્વાદથી સત્સંગથી નવપલ્લવિત થયેલા આ ગામમાંથી ગુણિયલ સંતોની ભેટ પણ સંસ્થાને મળી છે. સમગ્ર ગામ સત્સંગી છે. તાજેતરમાં પૂર્વે પ્રતિષ્ઠિત થયેલું મંદિર જર્જરિત થયું હોવાથી તેમજ સત્સંગ વિકાસને ધ્યાનમાં લેતાં અહીં એક સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા ઊભી થઈ. હરિભક્તોની ભક્તિપૂર્ણ સેવાથી ગામમાં પાણીની ટાંકી સામે પ્રાપ્ત થયેલી ભૂમિ પર સૌ હરિભક્તોના સહયોગથી નૂતન મંદિર રચાયું છે.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૦-૫-૨૦૨૩ શનિવારના રોજ ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા અંટોલીના માર્ગો પર યોજાઈ. ૫ કલાત્મક રથ અને ૧૧ વિવિધ પ્રેરણાત્મક ફ્લોટમાં નીકળેલી આ ભક્તિમય શોભાયાત્રા ગામમાંથી પસાર થઈ ત્યારે ગામજનોએ તેને પુષ્પોથી વધાવી હતી. અંતે શોભાયાત્રા મંદિરમાં વિરમી ત્યારે સૌએ આરતી અને આતશબાજીથી ઠાકોરજીને સૌએ વધાવ્યા હતા.

તા. ૨૧-૫-૨૦૨૩ના રોજ સવારે મંદિર પરિસરમાં રચાયેલા વિશાળ સમિયાણામાં વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો, જેમાં ૧૧૦૦ યજમાન ભક્તોએ પૂજનવિધિનો લાભ લીધો. ત્યારબાદ કલાત્મક સિંહાસનોમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૨૪-૧૨-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભા યોજાઈ. તેમાં સંસ્થાનાં વિવિધ મંદિરોમાંથી બાવન સંતો પધાર્યા હતા. મંચસ્થ સંતોએ ગામજનોને પ્રેરક આધ્યાત્મિક લાભ આપીને ગામની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. અંતે ભૂમિદાતા શ્રી સુભાષભાઈ પટેલ અને વિરલભાઈ પટેલને પરિવાર વતી તેમજ મંદિરનિર્માણ અને ઉત્સવમાં વિશેષ સહયોગી હરિભક્તોને સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. અહીં વિચરણ કરતા યજ્ઞદર્શનદાસ સ્વામી અને શુભચરિતદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ કરેલી અપૂર્વ સેવાથી ઉત્સવ ખૂબ જ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં આશીર્વાદથી ઠેર ઠેર નૂતન મંદિરોની હારમાળા રચાઈ રહી છે, જે અસંખ્ય મુમુક્ષુઓના કલ્યાણની ગંગા વહાવતા રહેશે. ◆



અંટોલીમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે યોજાયેલા વેદોક્ત મહાપૂજાવિધિમાં રત વિશાળ ભક્તસમુદાય...

# વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી ઘડતરની પ્રેરણા આપવા માટે બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી દ્વારા યોજાઈ 'પ્રમુખ વિઝન કોન્ફરન્સ'





કોન્ફરન્સમાં સેંકડો તેજસ્વી યુવાનોએ ૭૫ પ્રવચનો અને ૧૫ એક્ટિવિટીઝ દ્વારા મેળવી કારકિર્દી ઘડતરની પ્રેરણા...

યુવાનો ચારિત્ર્યવાન અને મૂલ્યનિષ્ઠ સેવક તરીકે સંસ્કૃતિ, સમાજ અને રાષ્ટ્રની સેવામાં જોડાય તેવા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પને સાકાર કરવા માટે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તાજેતરમાં વડોદરામાં 'બી.એ.પી.એસ. પ્રમુખ એકેડમી'ની સ્થાપના કરી છે.

આ એકેડમી તેજસ્વી યુવાનોને યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવિલ સર્વિસ પરીક્ષા માટે સચોટ માર્ગદર્શન આપી તેમની ઉજ્જવળ કારકિર્દી કંડારશે. આ ભગીરથ પુરુષાર્થનો એક નૂતન પ્રવાહ એટલે વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી.ની પરીક્ષા માટેની તાલીમ આપવી, જેના પ્રથમ ચરણરૂપે 'બી.એ.પી.એસ. પ્રમુખ એકેડમી' દ્વારા ગત જૂન મહિનામાં એક વિશિષ્ટ 'પ્રમુખ વિઝન કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સાંકરી ખાતે તા. ૧ થી ૭ જૂન, ૨૦૨૩ દરમ્યાન આ 'પ્રમુખ વિઝન કોન્ફરન્સ' યોજાઈ હતી. 'Cultivating Pramukhness' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ કોન્ફરન્સમાં યુવાનોને પ્રમુખસ્વામી મહારાજને નજર સમક્ષ રાખીને, તેમના પગલે-પગલે ચાલીને, તેમના રાષ્ટ્ર ઘડતરના વિઝનને સાકાર કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કોન્ફરન્સમાં ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાંથી પસંદ કરાયેલાં ૩૭૫ તેજસ્વી યુવા-યુવતીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સાંકરી મંદિર પરિસરને પણ મધ્યવર્તી વિચાર અને યુ.પી.એસ.સી.ના માહોલથી સજાવાયું હતું.

આ કોન્ફરન્સમાં ૩૫થી વધુ અનુભવી ફેકલ્ટી, અધિકારીઓ અને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે વિદ્વાન સંતોએ પણ પ્રેરણાબોધ આપ્યો હતો. વિદ્યાર્થીઓને તાલીમ આપતી ૧૫ જેટલી એક્ટિવિટીઝ અને ૫૦થી વધુ મોડ્યુલ્સમાં ૭૫થી વધુ પ્રવચનો આ કોન્ફરન્સમાં યોજાયા હતા. સાથે સાથે પોસ્ટર-મેકિંગ, સ્કિટ-રાઈટિંગ, ડિબેટ, ગ્રૂપ-ડિસ્કશન, મોક-પાર્લામેન્ટ વગેરેનું આયોજન પણ થયું હતું. દરરોજ સત્રના અંતમાં થતી રિવિઝન-ક્વિઝ એ સૌનું પ્રિય સેશન બની ગયું. આ સાતેય દિવસ વિદ્યાર્થીઓનો અનેરો ઉત્સાહ ધ્યાનાકર્ષક હતો. આ તાલીમ સત્રથી સૌનો વિશ્વાસ દૃઢ થયો કે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સ્થપાયેલી આ બી.એ.પી.એસ. પ્રમુખ એકેડમીમાંથી રાષ્ટ્રને જરૂર મીઠાં ફળ ચાખવા મળશે. ◆

# દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાતે મુસ્લિમ વર્લ્ડ લીગના સેક્રેટરી શ્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસા





મુસ્લિમ વર્લ્ડ લીગના જનરલ સેક્રેટરી અને ઈન્ટરનેશનલ ઈસ્લામિક હલાલ લીગના પ્રમુખ શ્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસા તાજેતરમાં સાઉદી અરેબિયાથી પાંચ દિવસના ભારત પ્રવાસે પધાર્યા હતા. આ દરમ્યાન તેઓ તા. ૧૩-૭-૨૦૨૩ના રોજ દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરની મુલાકાતે પધાર્યા હતા.

અક્ષરધામ પરિસરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી અને ધર્મવત્સલદાસ સ્વામીએ મયૂરદ્વાર પર તેમનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું. બ્રહ્મવિહારીદાસ સ્વામીને રિયાધની મુલાકાત પછી ફરીવાર મળીને તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

અક્ષરધામમાં પધારીને તેમણે અજોડ કોતરણીકામ અને ઝીણવટભરી સ્થાપત્યકલા, દિવ્યતા, ભવ્યતા અને સુંદરતાને મન ભરીને માણી હતી. ભારતીય સ્થાપત્ય, સંસ્કૃતિ, મૂલ્યોની ભવ્યતા અને વૈભવની પ્રત્યક્ષ અનુભૂતિ કરીને મંદિરના બાંધકામ સંબંધી ઝીણવટ ભરી માહિતી મેળવી હતી. તેમણે ગજેન્દ્રપીઠની પરિક્રમા કરીને ભારતીય સંસ્કૃતિના મુકુટ સમાન ધાર્મિક સૌહાર્દ અને પારિવારિક એકતાની પ્રશંસા કરી હતી. નૌકામાં સંસ્કૃતિ વિહાર દરમિયાન ૧૦,૦૦૦ વર્ષ પુરાણી વૈદિક સંસ્કૃતિનો અભ્યાસ કર્યો અને સંસ્કૃતિના વૈદિક મૂલ મંત્ર 'વસુધૈવ કુટુમ્બકમ્'ને હૃદયસ્થ કરીને ભારતની મહાનતાને બિરદાવી હતી. વૈશ્વિક શાંતિ અને વિકાસમાં ભારતના અમૂલ્ય પ્રદાનને જાણીને સદ્‌ભાવના વ્યક્ત કરી હતી સાથે સાથે તેમણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે શાંતિ, એકતા અને સહ અસ્તિત્વ અંગે સંવાદ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. તેમણે પ્રમુખસ્વામી મહારાજ માટે કહ્યું હતું કે તેમની આંખો બોલતી હતી. શાંતિ, એકતા અને સહિષ્ણુતાની સુવાસ તેમના વ્યક્તિત્વમાંથી ઊભરાતી હતી.

વિશ્વમાં શાંતિ, ભાઈચારો અને સહઅસ્તિત્વના સિદ્ધાંતને જન જન સુધી પહોંચાડવાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રયત્નની તેમણે પ્રશંસા કરીને લોકોના હૃદયમાં આધ્યાત્મિકતાની જ્યોત પ્રગટાવવાના સંસ્થાના કાર્યને તેમણે બિરદાવ્યું હતું. અબુધાબીમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર મહત્ત્વની ભૂમિકા ભજવશે તેવો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તરફથી શાંતિના પ્રતીકરૂપ અમૃત કળશ અને અક્ષરધામની છબિ તેમને ભેટ આપવામાં આવ્યાં હતાં. મલ્ટી મીડિયા સહજાનંદ વૉટર શોને નિહાળ્યા બાદ પ્રસન્ન ચિતે તેમણે ભાવભરી વિદાય લીધી હતી. ◆

# આદિવાસી વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે ડાંગ જિલ્લામાં સેવારત નૂતન વિદ્યામંદિર સંકુલ, રંભાસની શિક્ષણસેવાઓને બિરદાવાઈ






બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના વનવાસી વિસ્તારમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સંચાલિત 'જ્ઞાનસેવા વિદ્યાસંકુલ રંભાસ'માં ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓ સંસ્કારયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. આ સંકુલ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતું અનુપમ વિદ્યાધામ બન્યું છે. પછાત પરિસ્થિતિમાં ઊછરેલા વિદ્યાર્થીઓ આ શાળાના સંસ્કારયુક્ત અને શિસ્તબદ્ધ વાતાવરણમાં રહેવાથી તેમનામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ ક્ષેત્રમાં શાળાઓમાં યોજાતી વિવિધ રમત-ગમતની પ્રવૃત્તિઓમાં પણ આ વિદ્યાર્થીઓએ વિશેષ પ્રગતિ સાધીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ શાળા માટે વિશેષ સુવિધાસજ્જ નવું બિલ્ડિંગ નિર્માણ પામી રહ્યું છે જે પૈકી અત્યારે નિર્માણ પામેલા સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન તા. ૩૦-૬-૨૦૨૩ના રોજ ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે કર્યું હતું.

વિદ્યાર્થીઓ હજુ વધુ સારી સુવિધાઓ સાથે અભ્યાસ પ્રાપ્ત કરી શકે તે માટે અહીં નિર્માણ પામનાર સુવિધાસજ્જ પ્રાર્થના હોલ, ભોજનગૃહ, રસોઈઘર તથા છાત્રાલયના નૂતન ભવનના નિર્માણકાર્યનો પ્રારંભ શિક્ષણમંત્રીશ્રીએ ઇષ્ટિકા સ્થાપનવિધિ કરીને કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં મંગલનયનદાસ સ્વામી, મુનિચરણદાસ સ્વામી, નાયબ દંડકશ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વિજયભાઈ દેશમુખ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નરેન્દ્રભાઈ ઠાકરે તેમજ ટ્રસ્ટીગણ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણમંત્રીશ્રીએ ઉદ્‌બોધન કરતાં કહ્યું: 'બાળકોના સંસ્કાર, શિક્ષણ અને સ્વાસ્થ્યની ખેવના કરનાર પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી, સંતોના માર્ગદર્શન અને શાળા પરિવારના અથાગ પુરુષાર્થથી શાળા છેલ્લાં પાંચ વર્ષથી ૯૦ ટકાથી વધુ પરિણામ પ્રાપ્ત કરી શકી છે. અહીં સંતોના સાંનિધ્યમાં ગુરુકુળ પરંપરા અનુસાર શિક્ષણ અને સંસ્કાર મળી રહ્યા છે, સાથે-સાથે આધુનિકતાનો પણ સુમેળ સધાયો છે. આ સંસ્થા દ્વારા સ્લેટથી નેટ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. તે જરૂર ભવિષ્ય ઉજ્જવળ બનાવશે.'' ઉલ્લેખનીય છે કે ૨૦૨૩માં ધોરણ-૧૨નું પરિણામ ૧૦૦% હાંસલ કરવા બદલ આહવા ખાતે શિક્ષણમંત્રીશ્રીએ આ શાળાના આચાર્યશ્રીને સન્માનપત્ર અર્પણ કરીને શાળાનું સન્માન કર્યું હતું. ◆

# સૌરાષ્ટ્રમાં પૂરગ્રસ્તોની વહારે બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો...





સમગ્ર સૌરાષ્ટ્રમાં જુલાઈ મહિનામાં વરસાદ અનરાધાર વરસતાં ઠેરઠેર પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. અનેક શહેરો, નગરો, ગામડાંઓમાં પાણી ભરાઈ જતાં જનજીવન ખોરવાઈ ગયું છે. જૂનાગઢ પંથકમાં તા. ૨૦-૭-૨૦૨૩થી સતત ત્રણ દિવસ સુધી ૨૨ ઇંચ કરતાં વધુ વરસાદે તબાહીનું તાંડવ સર્જી દીધું હતું. ગિરનાર અને દાતાર પર્વત ઉપર સાંબેલાધારે વરસાદ પડતાં કાળવા નદી બે કાંઠે વહેતી થઈ હતી અને શહેરમાં પાણી ફરી વળતાં અનેક ઘરોમાં કમર સુધી પાણી ભરાઈ જતાં જીવ બચાવવા લોકો ધાબે ચડી ગયા હતા. ધસમસતા જળબંબાકારે લોકોની મુશ્કેલીમાં પણ સતત વધારો કર્યો હતો. ત્યારે પારાવાર પ્રશ્નો સામે લોકોને રાહત પ્રાપ્ત થાય તે હેતુથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. અક્ષર મંદિર, ગોંડલ દ્વારા તાત્કાલિક ધોરણે ૧૦,૦૦૦ જેટલાં ફૂડપેકેટ્સ તૈયાર કરીને તેનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સેવાયજ્ઞમાં ગોંડલ શહેરના ૨૦૦ સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓ જોડાયાં હતાં. શુદ્ધ તેમજ પૌષ્ટિક વાનગીથી સભર ફૂડ પેકેટ્સ તૈયાર કરવામાં આવ્યા છે. જેને સ્થાનિક તંત્રના માર્ગદર્શન મુજબ તાત્કાલિક ધોરણે સ્વયંસેવકો દ્વારા અસરગ્રસ્તો સુધી પહોંચાડવામાં આવ્યાં હતાં.

ફૂડ પેકેટ્સ સાથે અસરગ્રસ્તોને અન્ય સહાય પહોંચાડવાનું રાહતકાર્ય હજુ પણ ગતિમાન છે. સંસ્થાની આ સેવાઓથી રાહત પામીને અસરગ્રસ્તો હૃદયથી આભાર પ્રગટ કરી રહ્યા છે. ◆

---

(અનુસંધાન પૃષ્ઠ ૫ પરથી) કરતા હોય છે. મહોત્સવમાં આવનારા વ્યસનો છોડે છે, અનેક માંસાહારીઓ શાકાહારી બને છે. મા-બાપ પ્રત્યે આદર કેળવે છે. જીવનમાં ધર્મની દૃઢતા કરે છે. હિંદુ ધર્મનું ગૌરવ મેળવે છે.

મહોત્સવમાં બધાં જ પોતપોતાના વ્યવસાયની સેવાઓ આપે છે. હજારો સ્વયંસેવકો વિનાવેતન સેવાનો લહાવો લે છે. મહોત્સવના પ્રાંગણમાં પ્રવેશતાં જ વ્યક્તિની વૃત્તિઓ શાંત થઈ જાય છે, તે બધે જ દિવ્યતાનો સંસ્પર્શ અનુભવે છે. અને બહાર નીકળે ત્યારે ધાર્મિક ભાવનાથી સભર બની જાય છે. ભારતીય સંસ્કૃતિનાં વૈદિક તેમજ સાંપ્રદાયિક મૂલ્યોને જીવનમાં ઉતારવાની પ્રેરણા પામે છે.

પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજે પૃથ્વીના પૂર્વ અને પશ્ચિમ ગોળાર્ધમાં આવા અનેક મહોત્સવો યોજી કેવળ સંપ્રદાય નહીં, પણ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે. ચાતુર્માસ અને તેમાંય અધિક માસ એવા ઉત્સવોની ભક્તિમય શૃંખલા રચે છે. આવો, એ ઉત્સવોની ભક્તિમય પરંપરાને માણીએ અને જીવનને ધન્ય બનાવીએ.

(પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી દ્વારા લિખિત પર્વોત્સવ પુસ્તકની પ્રસ્તાવનામાંથી) ◆

# અક્ષરધામ દિલ્હી ખાતે યોજાઈ કાર્યકર શિબિર અને ઓરિસ્સામાં ચાકુલિયા ખાતે સંસ્થા દ્વારા યોજાયો મેડિકલ કેમ્પ






## દિલ્હી અક્ષરધામ ખાતે યોજાઈ કાર્યકર શિબિર

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સત્પુરુષોના આશીર્વાદથી દિલ્હીમાં અક્ષરધામનું નિર્માણ થયું ત્યારથી પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, હરિયાણા અને ઉત્તરપ્રદેશના વિવિધ વિસ્તારોમાં બી.એ.પી.એસ. સત્સંગ સતત અભિવદ્ધિ પામી રહ્યો છે. આ પ્રદેશોમાં સમગ્રવર્ષ દરમ્યાન સ્વામીશ્રીના આદેશોને સાકાર કરવામાં પુરુષ-મહિલા કાર્યકરો અવિરત સેવારત રહે છે. તે ચુનંદા કાર્યકરોની શિબિર અક્ષરધામ ખાતે તા. ૮ અને ૯ જુલાઈ, ૨૦૨૩ના રોજ યોજાઈ હતી.

'નિષ્ઠાવાન ભવ' મધ્યવર્તી વિચાર હેઠળ યોજાયેલી આ શિબિરમાં ૩૦૦થી વધુ કાર્યકરો જોડાયા હતા. અક્ષરધામ દિલ્હીના વિદ્વાન સંતોએ પ્રેરણાત્મક વક્તવ્યો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોના જીવનકાર્ય અને સંદેશને આધારે માર્ગદર્શન આપ્યું હતું. આ શિબિરમાં પ્રેરક વક્તવ્યોની સાથે સાથે પ્રેરણાસભર વીડિયો શો, ગોષ્ઠિ, વિવિધ એક્ટિવિટી તથા પ્રગટ ગુરુહરિના વીડિયો આશીર્વાદ પામી સૌ નૂતન પ્રેરણાથી છલકાઈ ઊઠ્યા હતા. દરેક કાર્યકરમાં વૈદિક ઉપાસના પ્રવર્તન માટે વધુ ભક્તિસભર ઉત્સાહનો સંચાર થયો હતો. ◆

## ઓરિસ્સામાં ચાકુલિયા ખાતે મેડિકલ કેમ્પ

પૂર્વ ભારતના ઓરિસ્સામાં સન ૧૯૯૯માં આવેલા વિનાશક વાવાઝોડા અને પૂરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ વિશાળ પાયે રાહતકાર્ય કર્યું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ વાવાઝોડામાં તારાજ થયેલા ઓરિસ્સાના ચાકુલિયા, બનીપાટ અને પોતક ગામને દત્તક લઈને તેનું પુનઃ નિર્માણ કર્યું હતું. સ્વામીશ્રીની આ રાહતસેવાને સ્થાનિક ગામજનો આજે પણ ભૂલી શક્યા નથી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ તે સેવાકાર્યની જ્યોત ઝળહળતી રાખી છે. તેઓના આશીર્વાદથી ઓરિસ્સામાં ચાકુલિયા ખાતે તા. ૧૧-૬-૨૩ના રોજ એક મૅડિકલ કેમ્પ યોજાઈ ગયો. કટક ગુજરાતી સમાજ અને બી.એ.પી.એસ. મંદિરના ઉપક્રમે યોજાયેલા આ મૅડિકલ કેમ્પમાં ૩૧૫થી વધુ લોકોએ આંખ, દાંત અને અન્ય શારીરિક રોગોની તપાસ કરાવીને અનુભવી તબીબોનું માર્ગદર્શન અને દવાઓ નિઃશુલ્ક પ્રાપ્ત કર્યાં હતાં. આ સેવામાં ભુવનેશ્વર મૅડિકલ કૉલેજ અને હૉસ્પિટલ, જેપીએમ રોટરી આઈ હૉસ્પિટલ અને ડેન્ટલ હૉસ્પિટલ કટક અને ડૉ. મીતુ સિંઘલ તેમજ તેમના અન્ય સ્ટાફનો નોંધપાત્ર સહયોગ પ્રાપ્ત થયો હતો. ◆


**ભક્તરાજ શ્રી સત્યનારાયણજી હરિસહાયજી ચૌધરી, દૌસા (રાજસ્થાન), ઉં.વ. ૮૪, અક્ષરવાસ તા. ૫-૫-૨૦૨૩**




મૂળ રાજસ્થાનના દૌસા શહેરના વતની અને રાજસ્થાનના બી.એ.પી.એસ. સત્સંગ મંડળના પાયાના ભક્તરાજ શ્રી સત્યનારાયણજીને વારસમાં સત્સંગ પ્રાપ્ત થયો હતો. તેમના પિતા શ્રી હરિસહાયજીને સન ૧૯૨૮માં શાસ્ત્રીજી મહારાજનો યોગ ગંગાનગર સ્ટેશન પર થયો ત્યારે દૌસામાં પોતાના નિવાસસ્થાને સ્વામીશ્રીની પધરામણી અને પારાયણ કરાવી હતી. ત્યારથી રાજસ્થાનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનો પ્રારંભ થયો હતો. શ્રી સત્યનારાયણજીને શાસ્ત્રીજી મહારાજનાં પ્રથમ દર્શન ૮ વર્ષની ઉંમરે સન ૧૯૪૭માં યોજાયેલી જયપુર પારાયણમાં થયાં ત્યારથી જ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની દૃઢ નિષ્ઠા તેમના જીવમાં વણાઈ ગઈ હતી. બાળમંડળ અને યુવકમંડળમાં દૃઢતાપૂર્વક સત્સંગ કરીને યોગીજી મહારાજનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પોતાના યોગમાં આવનાર અનેકને તેમણે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની નિષ્ઠા કરાવી હતી. સન ૧૯૯૪માં દૌસામાં બી.એ.પી.એસ. મંદિર માટે ભૂમિ અર્પણ કરીને ત્યાં મંદિર નિર્માણ કરાવીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પણ પોતાના નિવાસસ્થાને અનેકવાર પધરામણી કરાવીને સત્સંગ લાભ પ્રાપ્ત કર્યો હતો. અંતિમ સમય સુધી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું ભજન ભક્તિભાવ સાથે કરતા રહ્યા હતા. તેઓના અક્ષરવાસથી રાજસ્થાનના સત્સંગમંડળને એક પાયાના નિષ્ઠાવાન હરિભક્તની ખોટ પડી છે તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...



# સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત


## તિથિ-તારીખ કેલેન્ડર - ૨૦૨૪



T.C.01



T.C.02



T.C.03


T.C.04


T.C.05


T.C.06


T.C.07


T.C.08



**આપનો વ્યાવસાયિક સંદેશો હજારો ગ્રાહકો સુધી પહોંચાડવાનું અનેરું માધ્યમ...**

**આપણાં પર્વો-ઉત્સવો, મુહૂર્તો સાથે તિથિ-તારીખની મનોહર રજૂઆત...**

**મનભાવન બહુરંગી વિવિધ છબીઓ...**

**સંપર્ક :**

**બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ.**



















## ટોરન્ટોમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દર્શન-મુલાકાતે કેનેડિયન મહાનુભાવો

કેનેડાના મહાનગર ટોરન્ટોમાં સતત એક મહિના સુધી બિરાજીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સત્સંગ-ભક્તિનો અનન્ય લાભ આપ્યો હતો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાતા વિવિધ ભક્તિસભર કાર્યક્રમોનો અસંખ્ય હરિભક્તો અને મહાનુભાવોએ લાભ લીધો હતો. સ્વામીશ્રીની મુલાકાતે પધારેલા મહાનુભાવોઃ (૧) ઓન્ટારિયો રાજ્યના મુખ્યમંત્રી (પ્રીમિયર) શ્રી ડગ ફોર્ડ, (૨) કેનેડાના ઈમિગ્રેશન મંત્રી શ્રી સીન ફ્રેઝર, (૩) સ્કિલ્સ ડેવલપમેન્ટ મંત્રી શ્રી મોન્ટે મેકનોટન, (૪) સિટિઝનશિપ મંત્રી શ્રી માઈકલ ફોર્ડ, (૫) હાઉસિંગ ડાયવરસિટી મંત્રી શ્રી અહમદ હુસેન, (૬) મંત્રીશ્રી ઓમર અલગાબ્રા (ડાબે) અને ભારતીય રાજદૂત શ્રી સંજયકુમાર વર્મા (જમણે) વગેરે મહાનુભાવો સ્વામીશ્રીને મળીને ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમણે બી.એ.પી.એસ. સંસ્થા પ્રત્યે પોતાનો અહોભાવ પ્રગટ કર્યો હતો.

Swaminarayan Prakash Gujarati, August-2023, Published on 1-8-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.



**અમેરિકામાં નિર્માણાધીન સ્વામિનારાયણ અક્ષરધામમાં મહંત સ્વામી મહારાજનાં વધામણાં...**

તા. ૮-૭-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમેરિકામાં રોબિન્સવિલ ખાતે નિર્માણાધીન અક્ષરધામની ભૂમિ પર પધાર્યા ત્યારે હજારો ભક્તોએ ગુરુહરિનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. તે વેળાની એક યાદગાર ક્ષણ...





Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas